QR CODE


Audio & Books

॥ હરિઃૐ ॥

# બાળકોના મોટા

લેખક : મુકુલ કલાર્થી

પૂજ્ય શ્રીમોટા
હરિઃૐ
હરિઃૐ આશ્રમ-સુરત



સૌના 'મોટા'
બાળકોના 'મોટા'

||હરિઃૐ||



કુંભકોણમ્‌ના વહાલસોયા ચિ. હરિ, શ્રીમોટાના ખોળામાં

॥ હરિ:ૐ ॥

# બાળકોના મોટા

લેખક

**મુકુલ કલાર્થી**

હરિ:ૐ આશ્રમ પ્રકાશન, સુરત

● પ્રકાશક : **ટ્રસ્ટીમંડળ,**
હરિઃૐ આશ્રમ, સ્થાપના વર્ષ ૧૯૫૬
કુરુક્ષેત્ર મહાદેવના મંદિરની બાજુમાં,
જહાંગીરપુરા, રાંદેર, સુરત-૩૯૫ ૦૦૫.
ફોન : (૦૨૬૧) ૨૭૬૫૫૬૪ / ૨૭૭૧૦૪૬
મો. : ૯૭૨૭૭ ૩૩૪૦૦
Email : hariommota1@gmail.com
Website : www.hariommota.org

© હરિઃૐ આશ્રમ, સુરત, નડિયાદ.

● **આવૃત્તિ**
સને ૧૯૮૦ થી સને ૨૦૧૨ સુધીની કુલ પ્રત ૧,૪૨,૦૦૦

| **આવૃત્તિ** | **વર્ષ** | **પ્રત** |
|---|---|---|
| અગિયારમી | ૨૦૨૦ | ૧૦૦૦૦ |

● **પૃષ્ઠ :** ૯૨
● **કિંમત :** રૂ. ૧૦/-
● **મુદ્રણશુદ્ધિ :** જયંતીભાઈ જાની, ફોન : (૦૭૯) ૨૬૬૧૨૭૨૮
● **ડિઝાઈનર :** મયૂર જાની, (મો.) ૯૪૨૮૪૦૪૪૪૩
● **પ્રાપ્તિસ્થાન :**
(૧) હરિઃૐ આશ્રમ, જહાંગીરપુરા, સુરત-૩૯૫ ૦૦૫.
(૨) હરિઃૐ આશ્રમ, પો.બૉ.નં.૭૪, નડિયાદ-૩૮૭ ૦૦૧.
● ટાઈપસેટિંગ : **અર્થ કૉમ્પ્યૂટર,**
૨૦૩, મૌર્ય કૉમ્પ્લેક્સ, સી. યુ. શાહ કૉલેજ સામે,
ઈન્કમટૅક્સ, અમદાવાદ-૧૪, મો. : ૯૩૨૭૦ ૩૬૪૧૪
● **મુદ્રક :**
**સાહિત્ય મુદ્રણાલય પ્રા. લિ.**
સિટી મિલ કંપાઉંડ, કાંકરિયા રોડ,
અમદાવાદ - ૩૮૦ ૦૨૨, ફોન : (૦૭૯) ૨૫૪૬૯૧૦૧

॥ હરિઃ ૐ ॥

# સમર્પણાંજલિ

**(અગિયારમી આવૃત્તિ)**

પૂજ્ય શ્રીમોટા પ્રત્યે બાળપણથી જ અનન્ય આકર્ષણ જેમણે અંતરમાં અનુભવ્યું. બાળપણથી જ ચિત્રકામની હસ્તકળા જેમને હસ્તકમલવત્ છે, જેમણે બાલ્યવયે પૂજ્યશ્રી મોટાનો પેન્સિલ સ્કેચ ફોટો બનાવ્યો. જેઓ હરહંમેશ આશ્રમને સર્વસ્વ માનીને તમામ વાતે સતત મદદરૂપ થતા રહ્યા છે. જેઓ મુંબઈ જેવી મોહમાયા નગરીના રહેવાસી હોવા છતાં જેમણે પોતાના પરિવારને પણ પૂજ્યશ્રીના રંગે રંગ્યો છે અને પોતાની પુત્રીનાં લગ્ન પૂજ્યશ્રી મોટાની વિધિથી મુંબઈમાં કરાવ્યાં છે, જેમણે નવસારી ખાતે વર્ષ ૨૦૧૯નો પૂજ્યશ્રી મોટાનો ૮૧મો સાક્ષાત્કારદિન, રામનવમી ઉત્સવ ભાવપૂર્વક ઊજવ્યો છે, તેવાં અનેરા શ્રદ્ધાન્વિત, લાગણીશીલ, ઉદારદિલ અને પુરુષાર્થી

**શ્રી અજિતભાઈ ભોગીલાલ ગાંધી**

તથા તેમનાં ધર્મપત્ની

**શ્રીમતી દિનાબહેન અજિતભાઈ ગાંધી**

તેમ જ તેમનાં આદરણીય માતાપિતા

**સદ્ગતશ્રી ભોગીલાલ ગોરધનદાસ ગાંધી**

તથા તેમનાં ધર્મપત્ની

**સદ્ગત શ્રીમતી લલિતાબહેન ભોગીલાલ ગાંધીને**

**'બાળકોના મોટા'**ની આ અગિયારમી સંવર્ધિત આવૃત્તિનું પ્રકાશન આદરપૂર્વક સમર્પણ કરતાં અમો આભાર વ્યક્ત કરીએ છીએ.

તા. ૫-૭-૨૦૨૦ **ટ્રસ્ટીમંડળ,**

ગુરુપૂર્ણિમા, સંવત ૨૦૭૬ હરિઃૐ આશ્રમ, સુરત

## ઓ ઈશ્વર ! ભજીએ તને...

ઓ ઈશ્વર ! ભજીએ તને
મોટું છે તુજ નામ,
ગુણ તારા નિત ગાઈએ,
થાય અમારાં કામ.
હેત લાવી હસાવ તું,
સદા રાખ દિલ સાફ,
ભૂલ કદી કરીએ અમે,
તો પ્રભુ ! કરજે માફ.

॥ હરિઃૐ ॥

# નિવેદન

## (અગિયારમી સંવર્ધિત આવૃત્તિ)

પૂજ્ય શ્રીમોટાના જીવનને સરળ ભાષામાં સૌ કોઈ સમજી શકે એવી પુસ્તિકા એટલે **'બાળકોના મોટા'**. બાળકોમાં સુસંસ્કાર, ગુણ અને ભાવ પ્રગટે, સાહસ, શૌર્ય અને પ્રમાણિકતા પ્રગટે, પૂજ્ય શ્રીમોટાને પોતાના આદર્શ બનાવી, તેમના જીવનમાંથી પ્રેરણા લઈ બાળકો પોતાના જીવનમાં તેનું અનુકરણ કરે એવા શુભ હેતુથી આ પુસ્તિકાનું સ્વજનો, શાળાઓ, મંડળોને હરિઃૐ આશ્રમ તરફથી વિતરણ કરવામાં આવે છે. અત્યાર સુધીમાં કુલ ૧,૪૨,૦૦૦ પ્રતના પ્રકાશન બાદ હવે આ અગિયારમી સંવર્ધિત આવૃત્તિનું પ્રકાશન થઈ રહ્યું છે.

વર્ષ ૨૦૨૦ની આ અગિયારમી આવૃત્તિમાં શ્રીમોટાના અંતિમ પત્રો, શ્રીમોટા બાળકોને વહાલથી લાડ પ્યારભર્યા પત્રો લખતાં તે પૈકીના ચુનંદા પત્રો, અધ્યાત્મ પણ વિજ્ઞાન છે એ વિશે શ્રીમોટાની વાણી, ગુણ અને ભાવનાની ઊંડી સમજ, સમાજને બેઠો કરવાની શ્રીમોટાની દૃષ્ટિ, શ્રીમોટા કેવી રીતે રાજી થાય અને શ્રીમોટાનાં પ્રિય ભજનોનો સમાવેશ કરીને અગિયારમી આવૃત્તિને સંવર્ધિત બનાવવામાં આવી છે. જેમાં મૂળ પુસ્તકને તેના યથાવત્ સ્વરૂપે જાળવી રાખીને વધારાની માહિતી પરિશિષ્ટરૂપે જોડવામાં આવી છે.

વધુમાં મોર્ડન ટૅક્નોલૉજીનો ઉપયોગ કરીને **'બાળકોના મોટા'** પુસ્તકની ઑડિયો ક્લીપ માટે QR Code લિંક આપવામાં આવી છે. જેને મોબાઈલ/આઈપેડ વડે સ્કેન કરવાથી

વાચક આ પુસ્તકને ઑડિયો સ્વરૂપે પણ માણી શકશે તથા ડાઉનલોડ પણ કરી શકશે. આ ઉપરાંત, શ્રીમોટાએ બાળકોની સમજ અને વિકાસ માટે, વિવિધ સંસ્થાઓને બાળકોમાં સંસ્કારોનું સિંચન થાય તેવી વાર્તાઓ, ધર્મકથાઓ, ઉપનિષદ અને ભાગવતની કથાઓ, રામાયણ, મહાભારત, શિશુભારતી તથા બાલભારતીના વિવિધ વિષયે ગ્રંથમાળાનું પ્રકાશન અર્થે આર્થિક અનુદાન આપેલ. તેમાંથી ઉપલબ્ધ સાહિત્યને સ્કેન કરીને PDF વર્ઝનમાં કન્વર્ટ કરવામાં આવી અને તેની માહિતી પુસ્તકના અંતભાગે QR Code લિંક સાથે રાખવામાં આવી છે. જેના દ્વારા માબાપ, બાળકો, શિક્ષકો આ પ્રકાશનોને વાંચી શકશે અને જરૂર પડ્યે ડાઉનલોડ કરી પ્રિન્ટ પણ કાઢી શકશે.

આ પુસ્તિકાની મુદ્રણશુદ્ધિનું કાર્ય શ્રી જયંતીભાઈ જાનીએ પૂરા સદ્‌ભાવથી, ખંતથી અને ચોકસાઈપૂર્વક કરી આપ્યું છે, તે બદલ અમો તેમના ખૂબ આભારી છીએ.

સાહિત્ય મુદ્રણાલય (પ્રા.) લિ. અમદાવાદના શ્રી શ્રેયસભાઈ વિષ્ણુપ્રસાદ પંડ્યાએ પૂજ્ય શ્રીમોટા પ્રત્યેના ભક્તિભાવથી હંમેશની માફક આ પુસ્તિકાનું પણ વિનામૂલ્યે મુદ્રણ કરી આપ્યું છે. તેઓશ્રીના આવા અમૂલ્ય અને ઉદારતાભર્યા સહયોગના કારણે જ પૂજ્ય શ્રીમોટાનો અક્ષરદેહ ઘણી ઓછી કિંમતે સમાજચરણે મૂકી શકીએ છીએ. શ્રી શ્રેયસભાઈ પંડ્યાના અમો ખૂબ ખૂબ આભારી છીએ.

તા. ૫-૭-૨૦૨૦ **ટ્રસ્ટીમંડળ,**
ગુરુપૂર્ણિમા, સંવત ૨૦૭૬ હરિઃૐ આશ્રમ, સુરત

# અનુક્રમણિકા


| ક્રમ | | પૃષ્ઠ |
|---|---|---|
| ૧. | સાંભળો શ્રીમોટાની વાતો ... | ૧૧ |
| ૨. | ‘મારે પણ મોટા માણસ થવું’ ... | ૧૨ |
| ૩. | કામ કર્યાનો આનંદ ... | ૧૪ |
| ૪. | ‘તારું કામ મને ગમે છે.’ ... | ૧૬ |
| ૫. | મહેનત પ્રમાણે મજૂરી આપો ... | ૧૭ |
| ૬. | ગરીબની વાત સાંભળે કોણ ? ... | ૧૮ |
| ૭. | ગાયને વેચવા ના દીધી ... | ૨૦ |
| ૮. | શાળામાં સફાઈકામ કરીને ભણ્યા ... | ૨૨ |
| ૯. | ચાર અંગ્રેજી ધોરણ દોઢ વર્ષમાં ... | ૨૫ |
| ૧૦. | ઈન્સ્પેક્ટરનું મન જીતી લીધું ... | ૨૬ |
| ૧૧. | ‘મારું કામ જુઓ, પછી મને રાખજો’ ... | ૨૮ |
| ૧૨. | ‘મારાથી જૂઠનો વેપાર ના થાય !’ ... | ૩૦ |
| ૧૩. | પારકાંને પોતાનાં કર્યાં ... | ૩૫ |
| ૧૪. | સંતે સહાય કરી ... | ૩૭ |
| ૧૫. | સમજપૂર્વકનું કૉલેજજીવન ... | ૩૯ |
| ૧૬. | દોઢ આનામાં જમવાનું ! ... | ૪૧ |
| ૧૭. | સિનેમા જોવાનું બંધ કર્યું ... | ૪૨ |
| ૧૮. | યાહોમ કરીને ઝંપલાવ્યું ... | ૪૪ |
| ૧૯. | હરિઃૐ નામસ્મરણનો ચમત્કાર ... | ૪૭ |
| ૨૦. | સદ્ગુરુઓનો સમાગમ ... | ૪૯ |
| ૨૧. | અખંડ હરિઃૐ નામસ્મરણ ... | ૫૧ |
| ૨૨. | હરિએ લાજ રાખી ... | ૫૨ |

૨૩. દિલ જીતી જાય એવો નોકર ... ૫૫
૨૪. ચોરે ઘરેણાં પાછાં આપ્યાં ... ૫૯
૨૫. હરિઃૐ આશ્રમ ... ૬૪
૨૬. શ્રીમોટાનું અનોખું કાર્ય ... ૬૬
૨૭. જીવતર ધન્ય કર્યું ... ૬૭

## પરિશિષ્ટ

૧. ૬ વર્ષ ૪ મહિનાના સિદ્ધાર્થને ૭૦
પૂજ્ય શ્રીમોટાએ લખેલા ત્રણ પત્રો
૨. એક બાળકીને પત્ર ૭૪
૩. શ્રીમોટા કહેતા : Divine energy -
ઈશ્વરીય શક્તિ - આધ્યાત્મિક વિજ્ઞાન છે ૭૬
૪. ગુણ અને ભાવ ૭૭
૫. સમાજને બેઠો કરવાની પૂજ્ય શ્રીમોટાની દૃષ્ટિ ૭૮
૬. શ્રીમોટા કેવી રીતે રાજી થાય ? ૭૯
૭. હરિને ભજતાં હજી સુધી... ૮૦
૮. પ્રભુ શરણચરણમાં રાખો રે... ૮૧

# બાળકોના મોટા

❑

મુકુલ કલાર્થી

## ‘હું સર્વત્ર વિદ્યમાન છું.’

**- શ્રીમોટા**

‘જીવન દર્શન’, ૧૧ મી આ., પૃ.૪૩૧

## (૧) સાંભળો શ્રીમોટાની વાતો

તમે સૌએ શ્રીમોટાનું નામ સાંભળ્યું જ હશે.

તેમનું નામ તો હતું **ચૂનીભાઈ.**

પરંતુ સૌ તેમને **‘મોટા’** કહીને બોલાવતા.

મોટાના પિતાશ્રીનું નામ **આશારામ ભગત.**

મોટાનાં માતુશ્રીનું નામ **સૂરજબા.**

વડોદરા જિલ્લામાં સાવલી નામે ગામ.

ઈ. સ. ૧૮૯૮ના સપ્ટેમ્બરની ચોથી તારીખ.

ભાદરવા વદ ચૉથ.

મોટાનો આ જન્મદિવસ.

આશારામ ભગતને ચાર દીકરાઓ હતાઃ

સૌથી મોટા જમનાદાસભાઈ, ત્યારબાદ ચૂનીભાઈ. ચૂનીભાઈથી નાના મૂળજીભાઈ અને સોમાભાઈ.

આશારામબાપા રંગરેજનો (કપડાં રંગવાનો) ધંધો કરતા.

આશારામબાપા પછી પંચમહાલ જિલ્લાના કાલોલ નામે ગામમાં રહેવા ગયા હતા.

કુટુંબની સ્થિતિ ગરીબ હતી.

પિતાની કમાણી ઓછી અને કુટુંબ મોટું !

પરંતુ માતા સૂરજબા મહેનતુ હતાં.

ગામનાં સુખી કુટુંબોમાં ઘરકામ કરવાં જતાં.

કોઈનું દળણું દળી આપતાં.

ખાંડવાનું પણ કામ કરતાં.

આવું કોઈ ને કોઈ મજૂરીનું કામ સૂરજબા કરતાં હતાં.

આથી, કુટુંબને થોડોઘણો સહારો મળી જતો.

આવા ગરીબ કુટુંબમાં જન્મીને ચૂનીભાઈ 'મોટા' બન્યા.

સાંભળો હવે શ્રીમોટાની પ્રેરક વાતો.

## (૨) 'મારે પણ મોટા માણસ થવું છે'

આશારામબાપાને હુક્કો પીવાની ટેવ.

એ માટે વારેવારે દેવતા જોઈએ.

એટલે ઘરના આંગણા પાસે હંમેશાં થોડાં છાણાં સળગતાં રાખે.

કાલોલ ગામમાં રાતે સિપાઈઓ રોન (પહેરો ભરવો) ફરવા નીકળે.

આશારામ ભગતજીને આંગણે પોરો (વિસામો) ખાવા બેસે.

કોઈ સિપાઈ હુક્કાના બેચાર દમ પણ લગાવે.

એક રાતે સિપાઈઓ રોન ફરતાં ફરતાં ત્યાં આવ્યા.

ભગતજી પાસે બેઠા.

વાતવાતમાં એક સિપાઈએ પૂછ્યું :

'અલ્યા ભગત, ઓટલા ઉપર ખાટલામાં આ કોણ સૂતું છે ?'

ભગતે જવાબ આપ્યો :

'મહેમાન છે.'

પેલા સિપાઈએ પૂછ્યું :

'પોલીસચોકીએ ખબર કેમ નથી આપી ?'

તે જમાનામાં ચોરી કરનાર તરીકે જાણીતી થયેલી કેટલીક કોમો હતી.

તેમને ત્યાં કોઈ મહેમાન આવે તો એની ખબર ચોકીએ આપવાનો રિવાજ હતો.

એટલે ભગતજીએ કહ્યું :

'અમારે એવી ખબર આપવાની ના હોય.'

એ સાંભળીને કોણ જાણે કેમ સિપાઈનો મિજાજ છટક્યો.

તે ભગતજીને બેફામ મારવા લાગ્યો !

મારતો મારતો પોલીસચોકીએ ઢસડી ગયો !

કિશોર વયના મોટા, ઓટલા ઉપર જ સૂતા હતા.

આ જોઈને તે હેબતાઈ ગયા !

પિતાની આવી દશા જોઈ શક્યા નહિ.

એવામાં મોટાને કંઈ સૂઝી આવ્યું.

તે નાગરવાડા ભણી દોડી ગયા.

નાગરવાડામાં રાવસાહેબ મનુભાઈ રહે. તેઓ આશારામ ભગતનાં કુટુંબને ઓળખતા. સૂરજબા તેમનાં દળણાં-ખાંડણાં કરતાં હતાં.

મોટાએ અધરાતે બારણું જોરથી ખખડાવ્યું.

રાવસાહેબ સફાળા જાગી ગયા.

મોટાએ ડૂસકે ડૂસકે રડતાં રડતાં કહ્યું :

‘સાહેબ, મારા બાપાને બચાવો ! સિપાઈએ વાંકગુના વિના બાપાને ખૂબ માર્યા ! ઢસડીને પોલીસચોકીએ લઈ ગયા છે !’

રાવસાહેબે તરત ઘોડાગાડી જોડાવી. મોટાને લઈને તેઓ પોલીસચોકીએ ગયા.

તેમણે ભગતજીને છોડાવ્યા.

આ બધું જોઈને મોટાને થયું :

‘દુનિયામાં ગરીબની દશા બૂરી છે ! ગરીબને સૌ કોઈ હડધૂત કરે ! તેનું અપમાન કરે !

‘આપણે ભલે ગરીબ હોઈએ.’

‘પણ આપણું કોઈ અપમાન ના કરે, એ માટે શું કરવું ?’

વિચાર કરતાં મોટાને સમજાયું :

'તાલુકાના મામલતદારને બધાં સલામ કરે.'

'મોટા મોટા નાગરિકો એમને માન આપે.'

'મારે પણ એવા મોટા માણસ થવું છે.'

'એ માટે શું કરવું જોઈએ ?'

'ખૂબ ખૂબ ભણવું જોઈએ.'

કિશોર વયના મોટાને ભણવાની લગની લાગી.

ભલે અગવડ પડે.

ભલે દુઃખ ખમવું પડે.

એ બધું વેઠીને આગળ ભણવું.

આવો મક્કમ નિશ્ચય મોટાએ કર્યો.

## (૩) કામ કર્યાનો આનંદ

મોટા, ઉંમરમાં નાના હતા.

પરંતુ સમજ મોટેરાં જેવી હતી.

બા બિચારી લોકોનાં દળણાં દળે, ખાંડણાં ખાંડે. બીજાને ત્યાં ઘરકામ કરવા જાય.

મોટાને મનમાં થયું :

'હું બેસી રહું એ કેમ ચાલે ?'

'ઘરમાં કંઈ મદદ કરવી જોઈએ.'

'લાવ, હું મજૂરી કરવા જાઉં.'

એકવાર મોટાને ખબર પડી કે, ઈંટવાડામાં મજૂરી મળે છે.

મોટા, ત્યાં એકલા પહોંચી ગયા.

દેખરેખ રાખનાર ભાઈએ પૂછ્યું :

'અલ્યા છોકરા, અહીં શા માટે આવ્યો છે ?'

મોટાએ જવાબ આપ્યો :

'કામ કરવા.'

પેલા ભાઈ બોલ્યા :

'છોકરા, તારું અહીં કામ નહિ ! તારાથી ગરમ ઈંટો ઉપાડાશે ?'

મોટાને કામ જોઈતું હતું. ઘેર મદદ કરવી હતી. એમ હિંમત હારે એવા તે ન હતા. મોટાએ હિંમતભેર કહ્યું :

'હું ગરમ ગરમ ઈંટો ઉપાડીશ.'

નાના છોકરાનો ઉત્સાહ જોઈને પેલા ભાઈ કહે :

'અચ્છા, તો આજથી કામે લાગી જા. અડધેથી ભાગી જતો નહિ.'

ઈંટવાડામાં બીજા મજૂરો કામ કરતા હતા. મોટા, તેમની સાથે ભળી ગયા.

ઈંટવાડો એટલે ધગધગતી ભઠ્ઠી જ જોઈ લો.

એમાંથી ગરમાગરમ ઈંટો કાઢવી એ રમતવાત નથી. ગરમ ઈંટો ઉપાડતાં હાથ દાઝી જાય ! કોઈ વાર અંગારાની માફક ચંપાઈ પણ જાય !

નાનાકડા મોટા, દાઝી તો જાય, પણ પાછી પાની કરે એ બીજા !

મોટા, છાનામાના દુઃખ વેઠતા.

મોટેરાં માણસોની માફક જ કામ કરતા.

સાંજે કામ બંધ થાય. દેખરેખ રાખનાર ભાઈ બધાંની ઈંટો ગણે. ઈંટો પ્રમાણે પૈસા આપે.

મોટા, પૈસા લઈને ઘેર દોડતા જાય.

હથેળી અને આંગળાં શેકાઈને-દાઝીને લાલ લાલ થઈ ગયાં હોય.

મોટા, એને ગણકારે નહિ.

મોટાને તો કામ કર્યાનો આનંદ.

ઘેર થોડીઘણી મદદ કર્યાનો આનંદ.

## (૪) 'તારું કામ મને ગમે છે'

મોટા, કોઈ વાર કડિયાકામે જવા તૈયાર થતા.

નાનકડા મીઠડા છોકરાને જોઈને કડિયો કહે :

'છોકરા, કામ બરોબર કરજે. રમતો-ભમતો નહિ.'

મોટા, ઉત્સાહથી રેતી, સિમેંટ વગેરે ભેગાં કરે. જોઈતું પાણી રેડે. સરસ રીતે કોલ બનાવી આપે.

જરાયે આળસ કર્યા વિના ઈંટો ઉપાડે. કડિયા આગળ બરાબર મૂકે.

કડિયો 'નાનકડા માણસ'નું કામ જોઈ ખુશ ખુશ થઈ જાય.

સાંજે કામ પૂરું થાય.

કડિયો મોટાને કહે :

'છોકરા, તારું કામ મને ગમે છે. કાલે કામ ઉપર આવી જજે.'

મોટા, હકારમાં માથું હલાવે.

મજૂરીના પૈસા લઈ ઘેર જાય.

ખુશ થતાં થતાં જાય.

જાણે ક્યાંક રમત રમીને ઘેર જતા ના હોય !

કામમાં પણ આનંદ લૂટે.

એટલે મજૂરી વેઠ જેવી ના લાગે.

## (૫) મહેનત પ્રમાણે મજૂરી આપો

આસપાસનાં ખેતરોમાં કપાસ વીણવાનો સમય આવે.

ખેડૂત, કપાસ વીણવા મજૂરોને રોકે.

મોટા પણ ખેતરે કામ કરવા પહોંચી જાય.

મોટા, કાલાં વીણવાનું કામ હોંશથી કરે.

નાના નાના હાથ ઝડપથી કામ કરે.

મોટા, મોટેરાંને પણ ટપી જાય.

મજૂરો તો રીઢા થઈ ગયેલા હોય.

થોડુંક કામ કરે અને બીડી પીવા બેસે. બીડી પીતાં પીતાં ગામગપાટા હાંકે.

વળી, મજૂરો કામ પણ ધીમે ધીમે કરે.

પરંતુ નાનકડા મોટા, કામચોરી ન કરે.

કામ એટલે કામ.

મોટા, માનતા હતા :

**'આપણને સોંપેલું કામ આપણે બરાબર ના કરીએ તો ભગવાન રાજી ના થાય.'**

**'દાનત તેવી બરકત.'**

**'શુદ્ધ દાનતથી કર્તવ્ય-કર્મ કરીએ તો એનું ફળ પણ સારું મળે.'**

આવા વિચારો હતા નાનકડા મોટાના.

મોટા, આખો દિવસ ઉમંગથી કામ કરે.

સાંજ સુધીમાં કાલાંનો ઢગ ખડકી દે.

ખેડૂત ખુશ ખુશ થઈ જાય.

મોટાનો વાંસો થાબડીને ખેડૂત કહે :

'શાબાશ ! છોકરા, શાબાશ !'

પરંતુ ખેડૂત મજૂરી આપવામાં પક્ષપાત કરે.

મોટાને મજૂરી કેટલી આપે ?

નાના છોકરાને આપવા જેટલી !

ખાવાનું પણ એ જ હિસાબે આપે !

મોટા, કોઈ વાર ખેડૂતને કહે :

'તમે મને શાબાશી આપો છો, પરંતુ મજૂરી છોકરાને હિસાબે ગણો છો !

'મારું કામ જુઓ અને મજૂરી આપો.'

'આખો દિવસ મોટેરાં જેટલું કામ કરું. એટલે ભૂખ પણ બરોબર લાગેને ?'

'આ વિશે વિચારો તો સારું.'

પરંતુ નાનકડા છોકરાનું કોણ સાંભળે ?

ખેડૂત વાત હસી કાઢે.

## (૬) ગરીબની વાત સાંભળે કોણ ?

ખેતરમાં રોપણીનો સમય આવે.

મોટા, ખેતરમાં મજૂરીએ દોડી જાય.

ખેડૂત નાનકડા મોટાને જોઈને બોલ્યો :

'છોકરા, સાંભળ. ધરુ રોપવામાં ઢીલ ના ચાલે.'

'વરસાદ ધોધમાર વરસતો હોય, પણ કામ બરોબર ચાલુ રાખવું પડે.'

'આમાં નાના છોકરાનું કામ નહિ !'

મોટા, વિનયપૂર્વક બોલ્યા :

'મને કામ આપી જુઓ. કામ જોઈને મજૂરી ચૂકવજો.'

ખેડૂત કહે :

'ભલે, ભલે ! પણ તારે મોટેરાંની માફક કામ કરવું પડશે.'

'મોટેરાંની હરોળમાં રહેવું પડશે. એ લોકોની બરોબરનું કામ કરવું પડશે.'

'બોલ, છે તૈયાર ?'

મોટાએ ખુશીથી હા કહી.

ડાંગરનું ધરુ રોપવું એટલે શું ?

આખો દિવસ ભરેલી ક્યારીમાં ઊભા રહેવું પડે.

કોઈ વાર ધોધમાર વરસાદ પણ પડતો હોય.

આખો દિવસ ઊભાં ઊભાં વાંકા વળીને રોપણી કરવી પડે.

નાનકડા મોટા, આખો દિવસ ધોધમાર વરસાદમાં પગ ખૂંપી જાય એવા કાદવમાં બરોબર કામ કરે.

મોટા, સાંજે થાકીને લોથપોથ થઈ જાય.

બપોરે ખેડૂત, બધા મજૂરોને ખાવાનું આપે.

મોટી ઉંમરના મજૂરોને બે રોટલા અને શાક મળે.

મોટા તો નાના છોકરા હતા.

ખેડૂત તેમને એક જ રોટલો અને થોડુંક શાક આપે.

મોટા, આવો ભેદભાવ જોઈને કહે :

'તમે કામ તો મોટેરાં જેટલું લો છો.'

'ખાવાનું કેમ નાના જેટલું આપો છો ?'

ખેડૂતે તોછડાઈથી જવાબ આપ્યો :

'એ તો રિવાજ મુજબ અપાય.'

'તારા એકલા માટે નિયમમાં ફેરફાર ના થાય.'

'તને ફાવતું હોય તો રહે. નહિ તો રામરામ !' મોટાને થયું :

'આ તો ગરીબ બાપડાનો મરો જ છે !'

'આપણી વાત ભલે સાચી હોય, પણ સાંભળે કોણ ?'

## (૭) ગાયને વેચવા ના દીધી

મોટાને ઘેર એક ગાય હતી.

ગાયને બાંધવાની જગ્યા નહિ. એટલે ઘરની પાસે રસ્તા ઉપર જ એને બાંધવામાં આવતી.

સૂરજબા ઘરનું કામ કરે અને બીજાં ઘરોનાં પણ કામકાજ કરવા જાય.

તેથી, ગાયની સંભાળ લેવાતી નહિ.

એક દિવસ સૂરજબા ઘરમાં કહે :

'આપણું માંડ માંડ પૂરું થાય છે તો પછી આ ગાયને ક્યાંથી ખવડાવીએ ?'

'હું પણ આખો દિવસ કામના ઢસરડામાંથી ઊંચી આવતી નથી.'

'તેથી, મારાથી ગાયની સંભાળ લેવાતી નથી.'

'આપણે ગાયને વેચી દઈએ તો સારું.'

નાનકડા મોટા બોલ્યા :

'બા, આ ગાય તારું બાળક હોત તો ?'

'શું તું એને વેચી દેત ?'

એ સાંભળીને બા તાડૂકી ઊઠ્યાં :

'મારા રડ્યા ! તને વચ્ચે ડબડબ કરવાની બહુ ખરાબ ટેવ છે !'

'ગાયને પાળવી એ કંઈ સહેલું કામ નથી. એનો તેં વિચાર-બિચાર કર્યો કે ?'

‘આપણી પાસે ગાયને બાંધવા અલગ જગ્યા નથી.’

‘ગાય માટે ઘાસ વેચાતું લાવી શકતાં નથી.’

‘છાણ-મૂતરથી રસ્તો બગડે છે. એને લીધે રોજ મારે લોકોનું સાંભળવું પડે છે.’

‘આ બધાંનો વિચાર કર.’

‘નકામો ડહાપણ ડહોળ નહિ !’

મોટાએ શાંતિથી બાને કહ્યું :

‘બા, તારી વાત સાચી છે.’

‘પણ હવે, બધી ગંદકી હું સાફ કરીશ.’

‘ગાય માટે ઘાસચારો લઈ આવીશ.’

‘ગાયને રોજ નવડાવીશ-ધોવડાવીશ.’

‘બોલ, બા ! હવે તો ગાય નહિ વેચેને ?’

‘ગાય તો આપણી માતા કહેવાય. એની તો પૂજા કરવી જોઈએ.’

બાએ મોટાની વાત હસી કાઢી. બા કહે :

‘હવે રહેવા દે તારી શેખી ! જોઉં છું, ગાયની તું કેવી સંભાળ લે છે !’

‘બોલ્યું પાળે તો તું ખરો.’

બીજે જ દિવસે મોટા, વહેલા ઊઠ્યા.

છાણ ભેગું કરીને એક બાજુએ ઢગલો કર્યો.

રસ્તા ઉપર ગાયનાં છાણ-મૂતરથી ખૂબ ગંદકી થઈ હતી.

મોટાએ એ જગ્યાએ કોરી માટી લાવીને છાંટી દીધી.

આથી, ભેજ ઓછો થયો. માખી બણબણતી ઓછી થઈ. હવે, ઘાસ અને પૂળાનું શું ?

કાલોલ ગામ, તાલુકાનું મુખ્ય મથક. ત્યાંનો વેપાર સારો ચાલે.

વહેલી સવારથી આસપાસનાં ગામોનાં ગાડાં આવે. ગાડાંમાં શાકભાજી, અનાજ વગેરે ભરેલાં હોય.

ગામની ભાગોળે ગાડાં છૂટે. ગાડાવાળા બળદને છોડી નાખે. પૂળા ખાવા નાખે. પછી બજારમાં કામે જાય.

કામ પૂરું કરીને ગામલોકો પાછા જતા. સાંજે બધાં ગાડાં જતાં રહે.

મોટા, સાંજે ભાગોળે જાય. ત્યાં ખાધા વિનાના સારા પૂળા એકઠા કરે. એનો ભારો બાંધીને ઘેર લઈ આવે.

પૂળા ગાયને નીરે.

મોટા, જે શાળામાં ભણતા હતા, ત્યાં ખેડૂતોના છોકરાઓ પણ ભણવા આવતા.

મોટાને બધા વિદ્યાર્થી સાથે ભાઈબંધી.

મોટા, સવારે કે સાંજે એ છોકરાઓનાં ખેતરે જાય. તેમની રજા લઈને શેઢા ઉપરનું ઘાસ કાપતા.

ગાયને લીલું તાજું ઘાસ પ્રેમથી ખવડાવે.

આ બધું જોઈને બા, રાજી રાજી થઈ ગયાં.

## (૮) શાળામાં સફાઈકામ કરીને ભણ્યા

મોટા, ગામની પ્રાથમિક શાળામાં ભણતા હતા.

મોટા, ઘેર કામ કરે અને શાળામાં ભણે પણ ખરા.

તેમની સ્મરણશક્તિ સારી હતી. શાળામાં ખૂબ ધ્યાન દઈને ભણે. મોટાને બધું ઝટપટ આવડી જાય.

શિક્ષકો પણ સારા હતા. તેઓ આ ગરીબ, મહેનતુ અને હોશિયાર વિદ્યાર્થી ઉપર ભાવ રાખે.

મોટા, શાળામાં માત્ર ભણે જ નહિ.

મોટા, ભણે અને ભણાવે પણ ખરા.

વર્ગમાં કેટલાક વિદ્યાર્થીઓ અભ્યાસમાં નબળા હતા. મોટા તેમને ભણવામાં મદદ કરે.

મોટાને નાનપણથી સમજ હતી :

**'બીજી બધી વસ્તુ આપવાથી ઘટી જાય, પરંતુ વિદ્યાદાન જેમ જેમ બીજાને આપીએ તેમ તેમ વધે.'**

એવામાં કાલોલમાં અંગ્રેજી શાળા ઊઘડી.

શાળા નવી. એટલે ફી રાખેલી.

મોટા, આગળ ભણવા માગતા હતા.

પરંતુ ફીનું શું ? શરૂમાં માફી કોણ આપે ?

ઘેરથી બાપા ફી આપે એમ ન હતા.

મક્કમ નિર્ધાર હોય ત્યાં ભગવાન માર્ગ મોકળો કરી આપે છે.

મોટા, મુખ્ય શિક્ષક પાસે ગયા.

તેમણે વિનયપૂર્વક પોતાની ગરીબ સ્થિતિની મુખ્ય શિક્ષકને વાત કરી.

પછી મોટાએ નમ્રતાથી કહ્યું :

'સાહેબ, મારે શાળામાં ભણવું તો છે.'

'એ માટે મારા ઉપર આટલી મહેરબાની કરો.'

'મને શાળામાં સફાઈકામ કરવાનું આપો.'

'એમાંથી હું ફી વગેરે ખરચ કાઢીશ.'

મુખ્ય શિક્ષક સમજદાર હતા. ઉત્સાહી વિદ્યાર્થીની વાતથી રાજી થયા. તેમણે મોટાને સફાઈકામ સોંપ્યું.

મોટાએ બીજા દિવસથી જ કામ શરૂ કરી દીધું.

મોટા, શાળાનું આખું મકાન બરોબર વાળે.

ખુરશીઓ, ટેબલો, પાટલીઓ, પાટિયાં બધું ઝાપટીને બરોબર સાફ કરે.

ક્યાંય ધૂળ જોવા ના મળે.

કામમાં મોટા, જરાયે કચાશ ના રાખે.

કોઈ વાર મોટાને પટાવાળાનું કામ પણ સોંપવામાં આવે.

મોટા, એ કામ પણ ઉમંગથી કરે.

મોટામાં નાનપણથી એક મોટો સદ્‌ગુણ હતો :

**‘આપણે ભાગે જે કંઈ કામ કરવાનું આવે, તે સાચા દિલથી અને વ્યવસ્થિત કરવું.’**

‘જરાયે આળસ કે પ્રમાદ નહિ.’

મોટા, આવું બધું કામ કરે અને ભણે પણ બરાબર.

મોટા, બરાબર સમજતા હતા કે,

‘ભણવા માટે હું શાળામાં દાખલ થયો છું.’

‘ભણવા માટે શાળામાં સફાઈકામ વગેરે કરું છું.’

**‘એટલે મારો પ્રથમ ધર્મ ધ્યાનપૂર્વક અભ્યાસ કરવાનો છે.’**

‘એમાં ગફલત ના ચાલે, બેધ્યાન રહ્યે ના પાલવે, બેદરકારી ના કરાય.’

એટલે મોટા, ખૂબ ધ્યાન દઈને અભ્યાસ કરે.

વર્ગમાં પહેલો નંબર જ લાવે.

## (૯) ચાર અંગ્રેજી ધોરણ દોઢ વર્ષમાં

મોટા, કાલોલ ગામમાં અંગ્રેજી શાળામાં ભણતા હતા.

મોટા, ભણતા હતા ખરા, પણ તેમને વારે વારે ઘરની ગરીબાઈના વિચારો આવ્યા કરે.

જલદી જલદી ભણવાનું પૂરું થઈ જાય તો કેવું સારું !

કોઈ નોકરીએ લાગી જાઉં તો માબાપને ઢસરડામાંથી થોડી રાહત આપી શકાય.

એક દિવસ મોટાને વિચાર આવ્યો :

'પ્રભુકૃપાથી બેચાર વર્ષ કૂદી શકાય તો કેવું સારું ! એટલાં વર્ષ બચી જાય.'

મોટાએ મુખ્ય શિક્ષકને વાત કરવા વિચાર્યું.

મોટામાં નાનપણથી એક વાતની સ્પષ્ટ સમજ હતી :

**'આપણે કશું શુભ હેતુથી કરવા માગતાં હોઈએ, એને પ્રાર્થનાભાવે પ્રભુજીને ચરણે વ્યક્ત કરતાં રહેવું.'**

**'આથી, આપણા એ શુભ હેતુનું પરિણામ સારું આવે છે.'**

**'આપણા વિરોધી માટે પણ મનમાં સદ્ભાવ રાખવો અને પ્રાર્થના કરવી.'**

**'આમ કરવાથી તેની સાથે સુમેળ સધાય છે.'**

વિદ્યાર્થી મોટાએ પોતાનો શુભ હેતુ આંખ સામે રાખ્યો.

દિલમાં પ્રાર્થનાનો ભાવ દૃઢ કર્યો.

એ રીતે મુખ્ય શિક્ષક સાથે સંબંધ બાંધ્યો.

મોટા, મુખ્ય શિક્ષકને ઘેર જાય. બજારમાંથી શાક વગેરે લાવી આપે. ઘરકામમાં કંઈક ને કંઈક મદદ કરે. છોકરાંને રમાડે.

આથી, મુખ્ય શિક્ષકનાં પત્ની પણ મોટા ઉપર ભાવ રાખે.

મોટાને કંઈ ને કંઈ ખાવાનું આપે. ઘરના દીકરા જેવો ભાવ બતાવે.

આમ કરતાં કરતાં મોટા, ઘરના માણસ જેવા બની ગયા.

મુખ્ય શિક્ષક પણ મોટાને ભણવામાં મદદ કરે.

મોટાએ એક દિવસ વાતવાતમાં મુખ્ય શિક્ષકને કહ્યું :

'સાહેબ, મારે થોડા વખતમાં વધારે ધોરણ કરી લેવાં છે.'

'થોડાં વર્ષ બચે તો બાપાને જલદી મદદ કરી શકું.'

મુખ્ય શિક્ષક એ દષ્ટિએ મોટાને ભણાવવા લાગ્યા.

મોટા પણ ખંતથી ભણવા લાગ્યા.

તેમણે અંગ્રેજી ચાર ધોરણ દોઢ વર્ષમાં પૂરાં કર્યાં.

## (૧૦) ઈન્સ્પેકટરનું મન જીતી લીધું

મોટાએ મુખ્ય શિક્ષકની મદદથી દોઢ વર્ષમાં અંગ્રેજી ચાર ધોરણ પૂરાં કર્યાં ખરાં.

પણ પરીક્ષાનું શું ?

મોટાએ મુખ્ય શિક્ષકને વાત કરી.

મુખ્ય શિક્ષકે તેમને કહ્યું :

'મને પરીક્ષા લેવામાં વાંધો નથી, પરંતુ એ માટે શિક્ષણ ખાતાની રજા લેવી પડે.'

'ઈન્સ્પેકટર સાહેબને એ લેવાની સત્તા છે.'

મોટા, આ મુશ્કેલીમાંથી મારગ કાઢવા તત્પર થયા.

મોટા, ઈન્સ્પેકટર સાહેબ પાસે પહોંચી ગયા.

મોટા, તેમની પાસે જઈને પ્રણામ કરી ઊભા રહ્યા.

ઈન્સ્પેક્ટર સાહેબે માથે પાઘડી પહેરી હતી. એ તરફ મોટાનું ધ્યાન ગયું.

પાઘડી જરા ઝાંખી લાગી. મોટાએ એમને વિનયથી કહ્યું :

'સાહેબ, એક વાત કહું ? આપની પાઘડી ઝાંખી પડી ગઈ છે. મને રંગવા આપો. હું સરસ રંગી આપું.'

સાહેબને છોકરો ગમી ગયો. તેમણે મોટાને પાઘડી રંગવા આપી.

મોટાએ ખૂબ કાળજીથી પાઘડીને સરસ રંગી.

સાહેબ પાસે જઈને પાઘડી આપી.

સાહેબે પાઘડી પહેરી જોઈ.

તે રાજી રાજી થઈ ગયા.

સાહેબે મોટાને શાબાશી આપી. આવી સરસ રીતે પાઘડી રંગવા માટે પૈસા આપવા માંડ્યા.

મોટાએ વિનયપૂર્વક પૈસા લીધા નહિ.

સાહેબે મોટાને કહ્યું :

'છોકરા, કંઈ કામકાજ હોય તો કહેજે.'

મોટાને પણ એ જ જોઈતું હતું. તેમણે નમ્રતાપૂર્વક સાહેબને અરજ કરી :

'સાહેબ, એક વિનંતી કરવી છે. મારા ઘરની સ્થિતિ નબળી છે.'

'એટલે મને થયું કે, થોડા વખતમાં અભ્યાસ પૂરો કરું અને બાપાને મદદ કરવા કામે લાગું.'

મેં મિડલ સ્કૂલનો બધો અભ્યાસ પૂરો કર્યો છે. હવે, છેલ્લી પરીક્ષા બાકી છે.

‘એ લેવાની સત્તા આપશ્રીને છે.’

‘કૃપા કરી મને પરીક્ષા આપવાની રજા આપો.’

‘હું આપનો આભાર કદી ભૂલીશ નહિ.’

સાહેબ બોલ્યા :

‘જા. ગભરાઈશ નહિ. બધું થઈ રહેશે.’

એક દિવસ સાહેબ શાળાની મુલાકાતે આવ્યા.

તેમણે મુખ્ય શિક્ષકને મોટાના અભ્યાસ વિશે પૂછ્યું.

મુખ્ય શિક્ષક મોટાના અભ્યાસથી, એમના વિનય અને વિવેકથી, એમના કામકાજથી ખુશ હતા.

મુખ્ય શિક્ષકે મોટા વિશે ઘણો સારો અભિપ્રાય આપ્યો.

ઈન્સ્પેકટર સાહેબને સંતોષ થયો. તેમણે મોટાની પરીક્ષાનું ગોઠવી આપ્યું.

મોટાએ ઘણી સારી રીતે પરીક્ષા પાસ કરી.

## (૧૧) ‘મારું કામ જુઓ, પછી રાખજો’

કાલોલ ગામમાં અંગ્રેજી ચાર ધોરણ સુધીની જ શાળા હતી.

પાંચમા ધોરણ માટે બહારગામ જવું પડે.

માબાપે મોટાને કહ્યું :

‘દીકરા, વધારે ભણીને શું કરીશ ? આપણે રહ્યાં ગરીબ માણસ ! આટલું ભણતર બહુ થયું.’

‘હવે, કશે ધંધે લાગી જા. ઘરમાં બે પૈસાની મદદ થાય.’

મોટા, વયમાં નાના હતા, પણ સમજદાર ભારે. મોટાને મનમાં થયું :

‘બાપા બિચારા કેટલું ખેંચે ? બા પણ બીજાં ઘરોનાં કામકાજ કરીને ઊંચી આવતી નથી.’

'હમણાં થોડો વખત કંઈ કામધંધો કરું. પછી ભણવાનું થઈ રહેશે.'

મોટા, નોકરી કરવા તૈયાર થયા. બાપા એમને ગોધરા લઈ ગયા.

બાપાને ગોધરામાં એક વેપારી ઓળખતો હતો. બાપા એની પાસે ગયા.

બાપાએ વેપારીને ઘરની સ્થિતિ વિશે વાત કરી. પછી બાપાએ અરજ કરતાં કહ્યું :

'શેઠજી, મારા દીકરાને આપની દુકાને નોકરીએ રાખો. મોટી મહેરબાની થશે.'

વેપારી, મોટાને જોઈને બોલ્યો :

'ભગત, તમારો દીકરો તો હજી બહુ નાનો છે ! એને નોકરીએ રાખીને શું કરું ? એને કામ પણ શું આપું ? એનાથી કામ નહિ થાય !'

એ સાંભળીને મોટાએ મક્કમ અવાજે કહ્યું :

'શેઠજી, થોડા દિવસ મારું કામ જુઓ. ઠીક લાગે તો રાખજો.'

વેપારીએ મોટાને રાખી લીધા.

તેણે મોટાને દુકાન વાળવાનું કામ સોંપ્યું. બીજું પરચૂરણ કામ પણ સોંપવાનું રાખ્યું.

મોટા, રોજ સવારે વહેલા ઊઠી જતા. દુકાનની કૂંચીઓ લઈ જઈ દુકાન ઉઘાડતા. બધું વાળીઝૂડીને બરાબર સાફ કરતા.

મોટાએ વેપારીની ગાદી ઉપર ચાદર જોઈ. તકિયાના ગલેફ વગેરે જોયું.

એ બધાં ખૂબ મેલાં હતાં !

શાહીના કાળા ડાઘાવાળાં હતાં.

**મોટાને નાનામાં નાનું કામ પણ ઉત્તમમાં ઉત્તમ રીતે કરવાનું ગમતું.**

વળી, મોટા, વેપારીનું મન જીતવા માગતા હતા. તો જ શેઠ નોકરીએ રાખેને ?

મોટા, રોજ ચાદર, ગલેફ વગેરે ધોતા.

એક પણ કરચલી ના પડે એ રીતે પાથરતા.

મોટા, બધું સાફ-સૂથરું રાખતા.

મોટા, દુકાનમાં દાખલ થતા ત્યારે દુકાનને ભાવનાથી પગે લાગતા. કંકુ, ફૂલ, ચોખા રોજ ચઢાવતા. મનમાં શુભ પ્રાર્થના કરતા.

વેપારી નાનકડા મોટાનું બધું વ્યવસ્થિત અને સુઘડ કામ જોતો હતો.

વેપારી બહુ પ્રસન્ન થયો.

તેણે મોટાને નોકરીએ રાખી લીધા.

પણ પગાર કેટલો ?

મહિને માત્ર પાંચ રૂપિયા.

તે કાળમાં એટલા પણ બહુ કહેવાય.

## (૧૨) 'મારાથી જૂઠનો વેપાર ના થાય !'

મોટા, વેપારીને ત્યાં ઠરીઠામ થઈ ગયા.

વેપારીને થયું :

'છોકરો નાનો છે, પણ હોશિયાર અને મહેનતુ છે. એનામાં આવડત પણ છે. જવાબદારીવાળું કામ કરે એવો છે.'

એટલે વેપારી ધીમે ધીમે મોટાને જવાબદારીવાળું કામ સોંપવા તૈયાર થયો.

ગામડેથી ખેડૂતો અનાજનાં ગાડાં લઈને આવે.

વેપારીએ મોટાને બોલાવીને કહ્યું :

'છોકરા, તને અનાજ જોખતાં આવડતું હશે. આ ખેડૂતોનું અનાજ તોળી આપવા બેસ. જોજે, બરાબર જોખજે. આપણને ખોટ આવવી ના જોઈએ. સમજ્યો કે ?'

મોટા, ખેડૂતનું અનાજ તોળવા બેસી ગયા.

મોટા, સૌને સરખી રીતે તોળી આપતા.

નાના હોય કે મોટા, સૌને બરાબર તોળી આપતા.

વેપારીઓ સામાન્ય રીતે મણ ઉપર બશેર-અઢીશેર અનાજ વધારે લઈ લેતા હોય છે.

એમાં તેઓ ખોટું ગણતા નહિ.

આ શેઠને પણ થયું :

'આ છોકરો મને લાભ થાય એમ જ જોખતો હશે.'

છતાં શેઠે એક દિવસ મોટાને બોલાવીને કહ્યું :

'છોકરા, તને જોખવાની રીત શીખવું છું. એ તું ધ્યાન દઈને જો.'

પછી વેપારીએ મોટાને પાઠ શીખવવા માંડ્યો :

ત્રાજવાને સિફતથી અમુક ઝોક આપવો.

સામા માણસને એની જાણ ના પડવા દેવી.

સહેજે એક મણે બશેર-અઢીશેર અનાજ વધારે આવી જાય.

વેપારીએ એ પ્રમાણે જોખી પણ બતાવ્યું.

મોટાએ બધું શાંતિથી જોયું, સાંભળ્યું.

પાછા મોટા, જોખવાનાં કામમાં લાગી ગયા.

પણ મોટાએ આ ખોટી રીતનો ઉપયોગ ના કર્યો.

બરોબર માપ પ્રમાણે જ મોટા, અનાજ જોખવા મંડી પડ્યા.

એક દિવસ એક ખેડૂતને મનમાં શંકા ગઈ.

'આ છોકરો મને છેતરતો તો નથીને ?'

'વધારે અનાજ તફડાવી લેતો હશે !'

એટલે એ ખેડૂત ઝઘડો કરવા લાગ્યો :

'એય છોકરા, જરા સરખું અનાજ જોખને !'

'આમ વધારે અનાજ શાને પડાવી લે છે ?'

'અમને બુદ્ધુ સમજે છે કે શું ?'

બૂમાબૂમ સાંભળીને વેપારી ત્યાં દોડી આવ્યો.

તેણે ખેડૂતને શાંત પાડતાં કહ્યું :

'ભાઈ, શા માટે બૂમાબૂમ કરો છો ?'

'જે કંઈ હોય એ મને કહોને !'

ખેડૂત ધૂંધવાતો બોલ્યો :

'આ છોકરો ઝડપથી અનાજ જોખીને વધારે અનાજ લઈ લેતો લાગે છે !'

'આમ, આજકાલનો આ છોકરો આંખમાં ધૂળ નાખીને અમને છેતરી જાય એ કંઈ ચાલે ?' હરામનો માલ નથી આવ્યો. પરસેવો પાડીને પકવ્યો છે.

વેપારીને મનમાં ચટપટી થઈ આવી :

'અરે, મેં જ આ છોકરાને ખોટી રીતે અનાજ જોખતાં શીખવેલું છે.'

'આ ખેડૂત અનાજને ફરીથી જોખવા કહેશે તો ભાંડો ફૂટી જશે ! હવે શું થાય ?'

‘ગરીબ બિચારો છોકરો જૂઠો ઠરશે !’

વેપારી બચાવ કરવા ખાતર જરા ખોંખારીને બોલ્યો :

‘અરે, પટેલ, તમે તો ખરા છો ! તમારો એક દાણો પણ હરામનો લેવો અમને ના પાલવે.’

‘આ છોકરો આવું કરે એવો નથી. હું એને ઓળખું છું. તે હાથનો ચોખ્ખો છે.’

‘જરાયે ઓછું-અધિકું તોલે એવો નથી.’

‘તમે શું, ભલેને નાનું છોકરું આવે !’

‘સૌની સાથે સાચી રીતે વહેવાર કરે એવો છોકરો છે.’

‘તમે જરાયે શંકા લાવશો મા.’

‘વજન પ્રમાણે જ તેણે અનાજ જોખ્યું છે.’

પરંતુ ખેડૂત એકનો બે ના થયો.

તેણે ફરીથી અનાજ જોખવા કહ્યું.

વેપારીનો જીવ અધ્ધર થઈ ગયો. તેને થયું :

‘છોકરા બિચારાએ મારા કહ્યા પ્રમાણે જ અનાજ જોખ્યું હશે !’

‘હવે શું થાય ?’

પરંતુ મોટા, સ્વસ્થ હતા.

તેમના પેટમાં પાપ ન હતું.

પછી મોટા, શાના ડરે ?

બીજો એક માણસ અનાજ જોખવા બેઠો.

વજન જેટલું જ અનાજ જોખેલું હતું !

એક મૂઠીભર પણ દાણા વધારે ન હતા !

ખેડૂત ભોંઠો પડી ગયો !

તેને મનમાં પસ્તાવો થયો :

'અરેરે, આવા સાચા છોકરા ઉપર ખોટી રીતે વહેમાયો !'

પેલો ખેડૂત ગયો.

એટલે શેઠે મોટાને પાસે બોલાવ્યા.

શેઠે, મોટાને ધમકાવીને બે ચાર ઠોકી દીધી. મોટાને માર્યા અને કહેવા લાગ્યા :

'તું તો મારું દેવાળું કાઢે એવો છે !'

'જરા વહેવાર શીખ !'

'આ દુનિયામાં સત્યવાદી હરિશ્ચંદ્રનું કામ નહિ.'

'માટે, હવે જરા ડાહ્યો થા.'

'મેં બતાવ્યું છે એ મુજબ જોખવાનું રાખ.'

મોટાને આવું જૂઠાણું ક્યાંથી ગમે ?

મોટાએ વિનયપૂર્વક કહ્યું :

'ખબરદાર, મારો છો શું કરવા ?'

'મારી પાસે એટલા પૈસા નથી.'

'નહિતર આજે કોર્ટમાં જાત.'

'આ જે છેતરપિંડી તમે કરો છો એ ઉઘાડી પાડત.'

'શેઠજી માફ કરજો.'

'મારાથી જૂઠનો વેપાર નહિ થાય !'

'મારું મન ના પાડે છે.'

શેઠનું મોઢું ઊતરી ગયું. શેઠે મોટાને પગાર આપી દીધો.

કિશોર વયના મોટાને પૈસાની જરૂર હતી. બાપાને મદદરૂપ થવાની ઈચ્છા હતી. છતાં પણ મોટાએ નોકરી છોડી દીધી.

## (૧૩) પારકાંને પોતાનાં કર્યાં

કાલોલ ગામમાં અંગ્રેજી ચાર ધોરણ સુધીની જ શાળા હતી. હવે જો મોટાને આગળ ભણવું હોય તો બહારગામ જવું પડે. પિતાજી બીજે મોકલી શકે તેમ ન હતા.

ત્યાં તો કાલોલ શાળાના મુખ્ય શિક્ષક મોટાની વહારે આવ્યા.

તેમનું નામ હતું ઘનશ્યામરાય નટવરરાય મહેતા. સૌ એમને ઘનુભાઈ કહીને બોલાવતા.

ઘનુભાઈને હોશિયાર વિદ્યાર્થીઓ તરફ સ્નેહભાવ હતો. મોટા, હોશિયાર અને વિનયશીલ હતા.

**'વિદ્યા વિનયથી શોભે.'**

મોટા, વિનયથી સૌનું દિલ જીતી લેતા.

ઘનુભાઈને મોટાના અભ્યાસની ચિંતા થવા લાગી.

આવો લાયક વિદ્યાર્થી ભણવાને બદલે નોકરીની ઘટમાળમાં અટવાઈ જાય, એ તેમને ક્યાંથી ગમે ?

ઘનુભાઈએ એક દિવસ મોટાને બોલાવીને પૂછ્યું :

'તારે આગળ ભણવા પેટલાદ જવું છે ?'

મોટાએ કહ્યું :

'સાહેબ, ભણવા માટે ક્યાંય પણ જવા હું તૈયાર છું.'

'પરંતુ જવું શી રીતે ? ખર્ચની મુશ્કેલી છે !'

ઘનુભાઈએ એ માટે વ્યવસ્થા કરી આપી.

તેમનાં માસીબા પેટલાદમાં રહે. તેમનું નામ પ્રભાબા.

પ્રભાબા ઘણી વાર કાલોલ આવતાં એટલે તે મોટાને ઓળખતાં હતાં.

ઘનુભાઈએ માસીબાને વાત કરી. પ્રભાબા, મોટાને પોતાને

ઘેર રાખવા તૈયાર થયાં.

પ્રભાબા, ગરીબો તરફ સહાનુભૂતિ રાખતાં. જરૂર પડે ત્યારે મદદ કરતાં. મોટા, ભણવા માટે તેમને ઘેર રહ્યા, એ પ્રભાબાને ઘણું ગમ્યું.

વિદ્યાર્થી મોટાને મનમાં થયું :

'હું ભણવા માટે ગામ અને માબાપને છોડીને અહીં આવ્યો છું.'

'હું બીજાને ઘેર રહું છું. કોઈને મારે ભારરૂપ ના થવું જોઈએ. એવી રીતે રહેવું કે ઘરનાં માણસો રાજી થાય.'

મોટા, ઘરનાં નાનાંમોટાં કામમાં ઉમંગથી મદદ કરવા લાગ્યા.

નોકરના કામકાજમાં ભળતા. રસોઈયાને પણ મદદ કરે.

ઘરનાં નાનાં બાળકોને હસાવે-રમાડે. સારી સારી વાર્તા કહે. ભણાવે પણ ખરા.

થોડાક જ દિવસમાં મોટા, બધાં સાથે દૂધમાં સાકર ભળી જાય તેમ ભળી ગયા.

મોટાનો સ્વભાવ મળતાવડો અને પ્રેમાળ એટલે મોટા, ઘરના માણસ જેવા બની ગયા, સ્વજન બની ગયા.

પ્રભાબા, મોટા ઉપર પોતાના દીકરા જેવું વહાલ વરસાવે.

**આગળ જતાં તો પ્રભાબા, મોટાનાં 'આધ્યાત્મિક મા' બની ગયાં.** મોટા, પ્રભાબા પાસેથી ભજનો ગાતા શીખ્યા.

પેટલાદ હાઈસ્કૂલના આચાર્ય ઈશ્વરભાઈ પટેલ હતા. તે વિદ્યાર્થીઓના હિતનું બરાબર ધ્યાન રાખે. ગરીબ, નિરાધાર, મહેનતુ વિદ્યાર્થીને સહાય કરે. અભ્યાસમાં પણ મદદ કરે.

આવા પ્રેમાળ આચાર્ય મળ્યા, એટલે મોટાનો અભ્યાસ સારો ચાલ્યો.

## (૧૪) સંતે સહાય કરી

જાનકીદાસજી નામે એક સંત હતા.

તેઓ અવારનવાર પેટલાદ પધારતા હતા.

રંગવાલા શેઠ ધાર્મિક હતા. સંત-સાધુના ચાહક હતા. કોઈ ને કોઈ સંત-સાધુ તેમને ત્યાં પધારતા જ હોય.

જાનકીદાસજીનો ઉતારો તેમને ત્યાં રહેતો.

મોટા, જાનકીદાસજી મહારાજનાં દર્શને જતા.

સામાન્ય રીતે લોકો સાધુ-સંતોનાં દર્શને જાય તેમનો ઉપદેશ સાંભળે અને એક બાજુએ બેસી રહે.

મોટાને આ ગમતું નહિ.

મોટા, મહારાજશ્રીના ઓરડાને વાળીઝૂડીને સાફ કરતા. તેમનાં કપડાં સુકાઈ ગયાં હોય તો બરાબર ગડી વાળીને એની જગ્યાએ બરોબર મૂકતા. ઓરડામાં વસ્તુઓ આડીઅવળી પડેલી હોય તે બધી વસ્તુઓને બરોબર ગોઠવી દેતા.

આમ, મોટા, કંઈ ને કંઈ કામ કરતા જ હોય.

જાનકીદાસજી એ બધું બરાબર નિહાળતા.

એક દિવસ જાનકીદાસજીએ મોટાને પાસે બોલાવીને પૂછ્યું :

'છોકરા, તું ક્યાં રહે છે ? શું ભણે છે ?'

મોટાએ સંતજીને બધી વાત કહી.

જાનકીદાસજીએ બધી વાત ધ્યાનથી સાંભળી.

પછી મોટાને માથે હાથ ફેરવીને, બરડો થાબડીને સંતે કહ્યું :

'બચ્ચા, શાંતિથી બરોબર અભ્યાસ કરજે.'

'મારું કંઈ કામકાજ હોય તો જરાયે સંકોચ વિના કહેજે.'

આમ કરતાં કરતાં મોટા, મૅટ્રિકમાં આવ્યા.

એ વખતે જાનકીદાસજીએ મોટાને પાસે બોલાવીને પ્રેમથી કહ્યું :

'બેટા, તું મૅટ્રિકમાં છે. બધો અભ્યાસ બે મહિનામાં ઝડપથી પૂરો કરી નાખજે.'

મોટાએ સંતજીને હાથ જોડીને કહ્યું :

'બાપજી, એ શી રીતે બને ?'

'હું ગરીબ છું. કોઈ શિક્ષકનું ટ્યૂશન શી રીતે રાખી શકું ?'

જાનકીદાસજીએ હેતથી કહ્યું :

'બચ્ચા, તું જરા પણ ગભરાતો નહિ. હું એ માટે ગોઠવી આપીશ.'

પછી સંતજીએ શાળાના શિક્ષકોને બોલાવીને કહ્યું :

'આ છોકરાને બે માસમાં મૅટ્રિકનો બધો અભ્યાસ પૂરો કરાવી દેજો. કોઈ વિષય કાચો ના રહી જાય.' એ જોજો.

શિક્ષકોએ ખાસ ધ્યાન આપીને એ પ્રમાણે કર્યું.

હવે, પ્રિલિમિનરી પરીક્ષાને થોડી વાર હતી.

મોટા, પોતાના મોટા ભાઈને મળવા અમદાવાદ ગયા. ત્યાં જઈને ખૂબ માંદા પડી ગયા ! માંદગી લાંબી ચાલી. છેવટે સાજા થયા, પરંતુ શરીર ખૂબ જ નબળું પડી ગયું !

દાક્તરે આ જોઈને સલાહ આપી :

'આ વર્ષે મૅટ્રિકની પરીક્ષા ના આપવી. પૂરતો આરામ લેવો. નહિ તો પાછો માંદગીનો ઊથલો આવશે.'

મોટા, પેટલાદ આવ્યા. તેમણે આચાર્યને બધી વાત કરી.

આચાર્યશ્રીએ મોટાને હિંમત આપી અને પરીક્ષા આપી દેવાની સલાહ આપી. તેમણે કહ્યું :

'તેં બહુ ઝડપથી બધો અભ્યાસ પૂરો કરી નાખ્યો છે. તું જરૂર સારા નંબરે પાસ થઈ જશે.''

એ જ અરસામાં જાનકીદાસજી પેટલાદ પધાર્યા.

મોટાએ રડમસ અવાજે સંતજીને બધી વાત કહી.

જાનકીદાસજી પ્રેમાળ સ્મિત ફરકાવતા બોલ્યા :

'અરે, તું જરૂર પાસ થઈ જશે.'

**'પ્રભુનું નામ લઈને પરીક્ષા આપી દે.'**

મોટાએ હિંમતપૂર્વક પરીક્ષા આપી દીધી.

મોટા, સારા નંબરે પાસ થઈ ગયા.

## (૧૫) સમજપૂર્વકનું કૉલેજજીવન

મોટા, મૅટ્રિકમાં ઘણા સારા ગુણ મેળવીને પાસ થયા.

ગણિત, સંસ્કૃત અને ગુજરાતીમાં ૭૦ ટકાથી વધારે ગુણ આવેલા.

પેટલાદ હાઈસ્કૂલમાં પ્રથમ આવ્યા હતા.

તેથી, તેમને ઇનામ પણ મળ્યું હતું.

આવા આશાસ્પદ વિદ્યાર્થી મોટા હતા.

મોટાને પ્રભુકૃપાથી કૉલેજમાં જવા માટે મદદ પણ મળી ગઈ.

મોટા, વડોદરા કૉલેજમાં દાખલ થયા.

મોટાએ એક આદર્શ નજર સામે રાખેલો હતોઃ

**'જેમની મદદથી કૉલેજમાં ભણવાની તક મળી છે, તેમની ઓછામાં ઓછી રકમ વપરાય તો સારું.'**

**'કોઈની મદદનો દુરુપયોગ ના કરવો.'**

**'અગવડ ભલે વેઠવી પડે.'**

**‘પણ બીજાના પૈસાથી ખોટી સગવડ ભોગવવી નહિ.’**
**‘ખૂબ કરકસરથી રહેવું.’**
**‘ભગવાન તો જ બરકત આપે.’**
વડોદરા કૉલેજમાં ભણવાનું ગોઠવાઈ ગયું.
પરંતુ રહેવું ક્યાં ?
એ એક મોટો મૂંઝવતો સવાલ હતો !
મદદ કરનારા હૉસ્ટેલમાં રહેવાની સગવડ કરી આપત.
પરંતુ મોટાને એવો લાભ લેવો ન હતો.
એક ભાઈ, વડોદરા કૉલેજમાં ફેલો થયા હતા.
તે કાલોલના નાગર હતા.
એ ભાઈ, મોટાને સારી રીતે ઓળખતા હતા.
એમને મોટા માટે સારો ભાવ હતો.
મોટાએ એ ભાઈને વિનંતી કરી :
‘ભાઈ, મારા ઉપર મહેરબાની કરો.’
‘મારી ગરીબ સ્થિતિ તમે જાણો છો.’
‘હૉસ્ટેલનું ખરચ મને પોસાય નહિ.’
‘મને તમારી રૂમમાં રહેવા દો.’
‘હું ઓરડીને સાફસૂફ રાખીશ.’
‘તમારું બધું કામકાજ કરીશ.’
‘એ ભાઈએ ખુશીથી હા પાડી.’
એ ભાઈની ઓરડી હૉસ્ટેલમાં જ હતી.
ત્યાંથી કૉલેજ બહુ પાસે પડતી.

## (૧૬) દોઢ આનામાં જમવાનું !

મોટા, વડોદરા કૉલેજમાં દાખલ થયા. ત્યાં તેમના રહેવાની વ્યવસ્થા થઈ ગઈ.

હવે, રહ્યો જમવાનો સવાલ.

હૉસ્ટેલને રસોડે જમવાનું મોંઘું પડે.

એક માસનું ભોજનખર્ચ તેવીસ-ચોવીસ રૂપિયા જેટલું થાય.

એટલી રકમ એમને સહાય કરનારાં સજ્જનો જરૂર આપત.

પરંતુ મોટાએ તો મનમાં નક્કી કરી દીધું હતું :

'ઓછામાં ઓછા ખરચે પ્રભુકૃપાથી નભાવી શકાય તો સારું.'

'ધારો કે મને કોઈ પૈસાની મદદ આપનાર ના હોત તો ?'

'માટે, એવી ગણતરી રાખીને જ વ્યવસ્થા ઊભી કરી લેવી સારી.'

પ્રભુકૃપાથી મોટાને ઉપાય સૂઝી આવ્યો.

વડોદરા શહેરની મધ્યમાં માંડવી વિભાગ આવેલો છે. એની એક બાજુએ ચાંપાનેર દરવાજો છે. એ તરફ જતાં વૈષ્ણવની હવેલી આવે છે.

નાનપણમાં મોટા, એ હવેલીએ ગયા હતા.

મોટાને એકાએક એ યાદ આવ્યું.

મોટાએ મંદિર શોધી કાઢ્યું.

મોટા, ત્યાંના મુખિયાજીને મળ્યા. પગે લાગીને તેમણે વિનંતી કરી :

'મહારાજ, હું વડોદરા કૉલેજમાં ભણું છું.'

'રોજ મારે ભગવાનનો પ્રસાદ જમવો છે.'

'કૃપા કરીને રોજ એક પતરાળી આપવાનું કરો. આપનો

મોટો ઉપકાર થશે.'

મુખિયાજીએ ખુશીથી હા પાડી.

એક પતરાળી પ્રસાદની કિંમત કેટલી ?

માત્ર દોઢ આનો !

ખાવાનું તદ્દન ચોખ્ખું. પાછું ચોખ્ખા ઘીવાળું.

મોટા, રોજ સવારે હૉસ્ટેલમાંથી વહેલા નીકળે.

અઢી માઈલ જવાનું અને અઢી માઈલ આવવાનું.

ફૂટપાથ ઉપર ચાલતાં ચાલતાં વાંચવાનું.

મંદિરે જઈને મોટા, નાહી લેતા.

પતરાળી જમીને પાછા ફરતા.

આ હતો દરરોજનો કાર્યક્રમ.

પરંતુ છએક મહિના પછી આ વાત પ્રભાબાએ જાણી.

તેમણે મોટાને ભોજનનું ગોઠવી આપ્યું.

## (૧૭) સિનેમા જોવાનું બંધ કર્યું

કૉલેજ હૉસ્ટેલમાં કેટલાક વિદ્યાર્થીઓ 'ચા ક્લબ' ચલાવતા હતા.

મોટા, એ વિદ્યાર્થીઓને ચા બનાવી આપતા.

દિવસમાં બેત્રણ વાર ચા બનાવવાનું થતું.

વળી, કોઈ વિદ્યાર્થી મોટાને નાનુંમોટું કંઈ ને કંઈ કામ સોંપતા.

મોટા, એ કામ પ્રેમથી કરતા.

મોટા, બીજાને માટે ઘસાઈ છૂટવામાં માનતા.

આમ કરવાથી સહેજે આપણે તેના દિલમાં સ્થાન મેળવી લઈએ છીએ.

તેમની સાથે સ્નેહસંબંધ બંધાઈ જાય છે.

એટલે મોટા, ભણવાની સાથે સાથે ઘણાં જણનું કંઈ ને કંઈ કામ કરતા.

મોટા, સૌનું કામ આનંદથી કરતા.

તેથી, સૌ વિદ્યાર્થીઓ મોટાની સાથે મીઠો સંબંધ રાખતા. જરૂર પડ્યે રાજીખુશીથી મદદ પણ કરતા.

એ વિદ્યાર્થીઓ કોઈ કોઈ વાર નાટક કે સિનેમા જોવા જતા.

તેઓ મોટાને તો ક્યાંથી ભૂલે ? તેઓ તેમની પણ ટિકિટ કાઢતા.

ક્યાંક ફરવા જાય ત્યારે પણ તેઓ મોટાને સાથે લઈ ગયા વિના રહેતા નહિ.

મોટા, એ સૌની સાથે જાય પણ ખરા.

**પરંતુ એ સૌને ઉપયોગમાં આવી શકાય, એમ સાવધપણે વર્તવાનું રાખતા.**

**નકામી ચર્ચા કે વાદવિવાદમાં પડતા નહિ.**

**કોઈનું મનદુઃખ ના થાય એની ખાસ સંભાળ રાખતા.**

એક દિવસ મોટાને એકલા સિનેમા જોવાનું મન થઈ ગયું.

પરંતુ એકલા જવું હોય તો ટિકિટ જાતે કાઢવી પડે.

મોટાનું એ ગજું ન હતું. એટલા પૈસા કાઢવા ક્યાંથી ?

મોટાના દિલમાં મંથન જાગ્યું.

છેવટે મોટાએ સંકલ્પ કર્યો :

‘મિત્ર, સિનેમા જોવા લઈ જાય તોયે ના જવું.’

‘કારણ કે સિનેમા જોવાની ટેવ પડી જાય તો કોઈ વાર એકલા જવાનું મન થઈ આવે !’

'માટે, **સારામાં સારો રસ્તો એ છે કે, સિનેમા જોવાનું બંધ કરવું.'**

**'આવો શોખ આપણને ના પાલવે.'**

## (૧૮) યાહોમ કરીને ઝંપલાવ્યું

કૉલેજના અભ્યાસમાં મોટા, સરસ ગોઠવાઈ ગયા હતા.

બી.એ.ના છેલ્લાં વર્ષમાં મોટા આવી ગયા.

મોટાને મનમાં થયું.

'હાશ ! આ વર્ષ પ્રભુકૃપાથી સરળતાથી પતી જાય તો સારું.'

'બી.એ. થઈ જઈશ.'

'સારી નોકરી મળી જશે.'

'ઘરને મદદરૂપ થવાશે.'

'બાનો ઢસરડો પૂરો થશે.'

'સુખના દહાડા આવશે.'

ત્યાં તો એક મોટો ધડાકો થયો !

મહાત્મા ગાંધીજી, દેશને આઝાદી અપાવવા સત્યાગ્રહની લડત ચલાવતા હતા.

ગાંધીજીએ યુવાનોને સરકારી કૉલેજોનો બહિષ્કાર કરવા હાકલ કરી.

મોટાને પણ દેશની સ્થિતિ જોઈને થઈ આવ્યું :

'હવે, કૉલેજમાં ભણવું નકામું છે.'

'દેશનું કામ, દેશના જુવાનો નહિ કરે તો બીજું કોણ કરશે ? ઉપરથી ભગવાન આવીને કરશે ?'

અંગ્રેજ સરકારનો દમન વધતો જતો હતો.

દેશના વાતાવરણમાં ઉશ્કેરાટ ભારે હતો.

પરંતુ મોટા માટે કૉલેજ છોડી દેવી, એ સહેલું ન હતું.

જીવનમાં જે બનવાનું ધ્યેય સેવ્યું હતું અને જે જે અરમાનો સેવ્યાં હતાં, એ બધું ભાંગીને ભૂકો થઈ જવાનું હતું.

કુટુંબીજનો પણ મોટા ઉપર મોટી મોટી આશા રાખતાં હતાં.

વળી, મોટાને જે સજ્જનો સહાય કરતાં હતાં, તેઓ તો મોટા, કૉલેજમાં બરોબર ભણીને બહાર આવે એમ જ ઈચ્છતાં હતાં.

મોટા, એ સૌનો અણગમો વહોરવા ઈચ્છતા ન હતા. એ વાતનું તેમને દુઃખ પણ ઘણું થતું હતું.

મદદ કરનારાં સજ્જનો તેમને સમજાવવા લાગ્યાં :

'ભાઈ, તું ઉશ્કેરાટનો માર્યો આ બધું કરે છે.'

'તું રખડી જશે અને તારું કુટુંબ પણ રખડી જશે. તે બિચારાં તારા ઉપર આધાર રાખી રહેલાં છે. આ અંગે તું જ શાંતિથી વિચાર કર.'

'વળી, તું શા કારણે આગળ ભણવા માગતો હતો, એનો પણ જરા વિચાર કર. તારાં બધાં સ્વપ્નાં લટકી પડવાનાં !

'આ ઉશ્કેરાટ બેત્રણ વર્ષમાં શમી જશે. ત્યાં સુધી તું ભણી લે. ભણ્યા પછી તને જેમ ઠીક લાગે તેમ કરજે.'

મોટા સામે ભારે ધર્મસંકટ આવી પડ્યું.

મોટાને સાથોસાથ મનમાં થતું હતું :

'હવે, જીવનનો પ્રવાહ કોઈ બીજી દિશામાં મને દોરી જાય છે.'

'દેશની સેવા કરવાનો પણ આપણો ધર્મ છે. એમાં અમારા જેવા કેટલાય જુવાનોનો ભોગ અપાયો હશે.'

'દેશની સ્વતંત્રતા મેળવવાનું કામ આપણે જુવાનોએ જ કરવાનું છે. એ સિવાય બીજું કોણ કરશે ?'

મોટાનો ઝોક કૉલેજના ત્યાગ ભણી વધારે ને વધારે ઢળતો જતો હતો. મોટાએ મનને બરોબર વારંવાર ટકોર્યા કર્યું :

'ભાઈલા, આમાં ઝંપલાવશે પછી શું ? પછી દિવસો બહુ દોહ્યલા આવવાના છે.'

'કદાચ ખાવાનું પણ નહિ મળે. કોઈ મદદ કરશે નહિ. અને મદદની આશા રાખવી એ તો ખોટું છે.'

પણ 'હવે તો આપબળે જીવવું એ વાત નક્કી છે.'

'માટે, હે મનવા ! કૃપા કરીને ફરી ફરી આ બાબતમાં વિચારી લે.'

વાતાવરણમાં ભારે ગરમી હતી. કૉલેજના જુવાન વિદ્યાર્થીઓમાં ઉશ્કેરાટ હતો. અભ્યાસ કરવાનું કોઈને સૂઝતું ન હતું.

એ જબરજસ્ત વાતાવરણના વંટોળમાં બે વિદ્યાર્થીઓએ કૉલેજનો ત્યાગ કર્યો.

આ બન્ને વિદ્યાર્થીઓ ભણવામાં ખૂબ તેજસ્વી હતા. મોટાનું ભાવિ ઉજ્જ્વળ હતું, પરંતુ દેશને ખાતર બધું ફના કરવા તૈયાર હતા.

મોટાએ પણ વડોદરા કૉલેજનો બહિષ્કાર કર્યો.

તેમની સાથે વડોદરા કૉલેજનો ત્યાગ કરનારા બીજા વિદ્યાર્થી હતા **શ્રી પાંડુરંગ વળામે.**

તેઓ આગળ જતાં **શ્રીરંગ અવધૂત મહારાજ** તરીકે જાણીતા થયા છે. તેઓનો આશ્રમ નર્મદા નદીને કિનારે નારેશ્વરમાં છે.

આમ, મહાત્મા ગાંધીજીની હાકલ સાંભળીને સૌથી પ્રથમ વડોદરા કૉલેજને રામ રામ કરીને અસહકાર કરનાર બે જ વિદ્યાર્થીઓ હતા :

**પૂજ્ય શ્રીમોટા** અને **શ્રીરંગ અવધૂત મહારાજ.**

## (૧૯) હરિઃૐ નામસ્મરણનો ચમત્કાર

કાલૅજ છોડી મોટા, હરિજનસેવાનું કાર્ય કરવા લાગ્યા હતા.

મોટા, માનતા હતા :

'આપણે વર્ષોથી બિચારા હરિજનોની અવગણના કરી છે !'

'તેમને હડધૂત કર્યા છે ! '

'પશુપંખી કરતાં પણ હલકાં ગણ્યાં છે !'

'તેમને અડકતાં પણ પાપ સમજતાં આવ્યાં છીએ !'

'માટે, સવર્ણ જ્ઞાતિઓએ કરેલાં અનિષ્ટોનું આપણે પ્રાયશ્ચિત્ત કરવું જોઈએ.'

'એ માટે, હરિજનોની પ્રેમથી સેવા કરવી જોઈએ.'

મોટા, નડિયાદમાં હરિજનસેવા કરતા હતા, એ અરસામાં તેમને ફેફરું આવવા લાગ્યું !

એ દિવસોમાં મોટા, બે વાર નર્મદાતટે આરામ લેવા ગયા હતા.

મોખડીઘાટની પાર રણછોડજીનું મંદિર છે. મોટા, ત્યાં થોડો વખત રહ્યા હતા.

મોટા, મંદિરમાં રહેતા સાધુમહાત્માની સેવા-ચાકરી કરતા.

એકવાર મોટાને ત્યાં ફેફરું આવ્યું.

એ જોઈને મહાત્માએ તેમને કહ્યું :

'બેટા, ભગવાનનું નામસ્મરણ સતત કર્યા કર.'

'તને સતાવતું આ દર્દ મટી જશે.'

'સાધુ મહાત્માએ મોટાના કાનમાં **'હરિઃૐ'** મંત્ર ફૂંક્યો.

મોટાને તે દિવસોમાં આવી વાતમાં શ્રદ્ધા ન હતી. એટલે તેમણે એ વાતને મહત્ત્વ ના આપ્યું.

હવે, એકવાર મોટા, પ્રભાબાને મળવા વડોદરા ગયા હતા.

ત્યાં એકવાર મોટાને અચાનક ફેફરું આવ્યું !

મોટા, મકાનના ત્રીજા માળના દાદર ઉપરથી ગબડી પડ્યા. ગબડતાં ગબડતાં તેઓ પરસાળ ઉપર પછડાયા !

ત્યાં તો એમને નર્મદાતટે મળેલા મહાત્માનાં દર્શન થયાં !

મહાત્માએ મોટાને કહ્યું :

'અલ્યા, ભગવાનનું સ્મરણ તો કરી જો ! એમાં તારું શું જાય છે ? એમાં ઓછા કંઈ પૈસા પડે છે ?'

'શ્રદ્ધા રાખ. ભગવાનનું નામસ્મરણ કરી જો.'

મોટાએ આ વાત પ્રભાબાને કહી.

એ સાંભળીને પ્રભાબા બોલી ઊઠ્યાં :

આ તો તારુ મોટું સદ્ભાગ્ય કહેવાય ચૂનિયા !

'ડાહ્યો થઈને મનમાં શંકાકુશંકા કરવાનું છોડી દે.'

'ભગવાનનું સ્મરણ સતત કર્યા કર.'

'ઊઠતાં-બેસતાં, હરતાં-ફરતાં, ખાતાં-પીતાં બધું જ કામ કરતાં કરતાં ભગવાનનું નામસ્મરણ કર્યા કર.'

'મહાત્માએ કહ્યું છે એમ તારો આ રોગ જરૂર મટી જશે.'

મોટાને પ્રભાબાની વાત સાચી લાગી.

તેમને ફેફરું મટાડવાની ભારે ગરજ હતી. એ રોગ મટાડવા મોટા, **હરિઃૐનો જપ જપવા લાગ્યા.**

મોટાએ ખંતથી, ચીવટથી નામસ્મરણ કરવા માંડ્યું.

ધીમે ધીમે નામસ્મરણનો ગાળો વધારતા ગયા.

વધારતાં વધારતાં રોજનું ચાર કલાક ઉપરાંત નામસ્મરણ થવા લાગ્યું.

આખરે પ્રભુકૃપાથી ફેફરુંનો રોગ મટી ગયો.

નામસ્મરણ વિશે મોટા કહે છે :

'આ ગાળામાં ભગવાનનું સ્મરણ કરતાં કરતાં મને ઉત્સાહ, ઉમંગ, ખંત, ઉદ્યમ વગેરે મારામાં વધતાં જતાં હતાં.

'એક તો રોગ મટ્યો અને બીજું ગુણો વધવાનો અનુભવ મળ્યો. તેથી, દિલમાં દિલથી બેવડો પ્રોત્સાહિત થઈને શ્રીહરિનું સ્મરણ વધારતો ગયો.'

'હવે શ્રીપ્રભુકૃપાથી દિલમાં દિલથી જીવનના ધ્યેયનું ભાન જાગી ગયું હતું.'

'જીવનમાં હવે માત્ર, આ એક જ કર્મ પ્રભુપ્રીત્યર્થે કરવાનું છે, એવી તે કાળની સભાનતા મારા દિલમાં પ્રવર્તી ગયેલી હતી.'

## (૨૦) સદ્ગુરુઓનો સમાગમ

સામાન્ય રીતે માણસ સદ્ગુરુની શોધમાં આખી જિંદગી ભટકે છે, પણ તેને સદ્ગુરુ મળતા નથી.

મોટાને પ્રભુકૃપાથી સદ્ગુરુ જ શોધતા આવ્યા !

મોટા, નડિયાદમાં હરિજનકાર્ય કરતા હતા.

સાથે સાથે પોતાની સૂઝ પ્રમાણે આધ્યાત્મિક સાધના પણ કરતા હતા.

'હરિઃૐ'નો જપ સતત ચાલુ રહે એની કાળજી લેતા. આર્તભાવે જપ કરતા.

નિર્ભયતા કેળવવા મોટા, રાતે સ્મશાનમાં જઈને એકલા સૂતા.

મોટા, દિવસનો મોટો ભાગ મૌન પાળતા. જરૂર કરતાં વધારે બોલતા નહિ. ચર્ચામાં કે વાદવિવાદમાં રસ લેતા નહિ.

નામસ્મરણ, પ્રાર્થના, ભજન વગેરે કર્યા કરતા.

પોતાની આ સાધનાની કોઈને જાણ થવા દેતા નહિ.

આખો દિવસ હરિજનસેવાનું કામ એટલા જ ઉત્સાહથી કર્યા કરતા.

આ જ અરસામાં શ્રીબાલયોગી મહારાજનો એમને સમાગમ થયો.

**શ્રીબાલયોગીજીએ મોટાને ઈ.સ. ૧૯૨૩માં વસંતપચમીના શુભ દિવસે દીક્ષા આપી.**

દીક્ષા આપ્યા પછી શ્રીબાલયોગીજીએ મોટાને કહ્યું :

'અલ્યા છોકરા, તારા ગુરુમહારાજ તો શ્રીકેશવાનંદજી ધૂણીવાળા દાદા છે.

'તેઓએ તને સાધનામાં દીક્ષિત કરવા મને મોકલ્યો છે.'

'તેઓની પાસે સાંઈખેડા જા. તેમના આશીર્વાદ લે. તેઓ જે હુકમ આપે તેમ તારે વર્તવું.'

મધ્યપ્રદેશમાં ઈટારસી પાસે સાંઈખેડા નામે સ્થળ છે. ત્યાં ધૂણીવાળા દાદા રહે.

મોટા, ધૂણીવાળા દાદા પાસે ગયા. થોડા દિવસ ત્યાં રહ્યા.

છેલ્લે દિવસે ગુરુમહારાજે મોટાને હુકમ કર્યો કે,

'તું તારે ઘેર જા. તું મારી પ્રાર્થના કર્યા કરજે.'

'મારામાં તારું દિલ લગાડી દે.'

'મને સામે ને સામે જ રાખજે.'

'મારા વિશે જ વિચાર્યા કરજે.'

'મારું જ મનન ચિંતવન કર્યા કરજે.'

'જ્યાં છે ત્યાં કામ કર. પ્રભુપ્રીત્યર્થે જ – પ્રભુને માટે જ તારે

કામ કરવાનું છે. બીજા કોઈને માટે નહિ.'

'ભગવાન તરફ તારો ભાવ જાગે, એ ઘણું જરૂરનું છે.'

પછી તો સાકુરીના શ્રીઉપાસનીબાબા અને શિરડીના શ્રીસાંઈબાબા પણ મોટાને સાધનામાર્ગે વાળવા પ્રત્યક્ષ પધાર્યા હતા.

## (૨૧) અખંડ હરિઃૐ નામસ્મરણ

નામજપની ઉચ્ચ સ્થિતિ છે અખંડ નામસ્મરણ.

મોટા, એ સ્થિતિએ શી રીતે પહોંચ્યા એ પ્રસંગ જોઈએ.

મોટા, પ્રાર્થના, સ્તવન, ભજન, ધ્યાન, ધારણા, નામસ્મરણ વગેરે સાધનો કરતા હતા.

ભારેમાં ભારે પુરુષાર્થ કરીને મોટા, દિવસના ૧૬ કલાક નામજપ કરવા લાગ્યા.

મોટાએ ઉત્સાહથી પ્રયત્ન જારી રાખ્યો, પરંતુ અખંડ નામસ્મરણ સુધી તેઓ જઈ શક્યા નહિ.

એ અરસામાં ખેડા જિલ્લાના બોદાલ ગામે હરિજન બાળકો માટે આશ્રમ સ્થપાયો હતો. ત્યાં રાતે ખેતરમાં મોટા, સૂતા હતા.

રાતે એક ઝેરી નાગ મોટાની સાથળે કરડ્યો !

મોટાને મગજમાં સખત ઝાટકો લાગ્યો !

તે જ વખતે મોટાને ગાંધીજીનું એક લખાણ યાદ આવી ગયુંઃ

'જેને નાગ કરડ્યો હોય, તેને બેભાન થવા દેવો નહિ. એને જાગૃત રાખવો. એને જાગૃત રાખવા માટે એને માર મારવો પડે એને હું હિંસા ગણતો નથી.'

એટલે મોટાને થયું :

'મને નાગ કરડ્યો છે. માટે, કોઈ પણ હિસાબે મારે જાગૃત તો રહેવું જ જોઈએ.'

મોટાએ મોટેથી **'હરિઃૐ'**નો જપ જપવા માંડ્યો. કોઈ પૂછે તેનો જવાબ મોટા ના આપે. બસ જપ જપ્યા કરે.

નાગ ઉતારવા માટે મોટાને બેત્રણ ગામોમાં લઈ જવામાં આવ્યા, પરંતુ કશું પરિણામ ના આવ્યું !

એટલે આણંદમાં ડૉ. કૂકના દવાખાનામાં મોટાને લઈ ગયા.

ડૉ. કૂકે હોજરીમાંથી ઝેર કાઢી નાખ્યું. એની તપાસ કરતાં ડૉ. કૂક નવાઈ પામી બોલી ઊઠ્યા :

'આ છોકરો માત્ર ઈશ્વરના સ્મરણથી બચી ગયો છે !'

'ઝેર બહુ જ કાતિલ છે ! પ્રભુકૃપા વિના બચી શકાય નહિ.'

આમ, મોટાએ ૭૬ કલાક (ત્રણ દિવસને ઉપર ચાર કલાક) સુધી સતત નામસ્મરણ કર્યું હતું.

આ રીતે સર્પદંશ મોટાને ઉપકારક થયો. મોટા એવું પણ બોલતા કે 'ભગવાને મને કૃપા કરીને સાપ કરડાવ્યો.'

મોટાનું નામસ્મરણ અખંડ થઈ ગયું.

## (૨૨) હરિએ લાજ રાખી

મોટાને એક માસી હતાં. તેમની સ્થિતિ સારી હતી.

મોટાના મોટા ભાઈ ગંભીર માંદગીમાં પટકાયા હતા. એ વેળાએ માસીબા પાસેથી બેત્રણ વાર પૈસા લીધા હતા.

પરંતુ મોટાની એટલી આવક નહિ. એટલે એ રકમ તેઓ ભરી શકતા ન હતા.

મોટા, રોજ ઘેરથી હરિજન શાળાએ ભણાવવા જાય.

એ દિવસોમાં મોટા, રસ્તે ચાલતાં ચાલતાં કોઈ ને કોઈ ભજન મોટે સાદે ગાતા.

એકવાર મોટા, શાળાએ જતાં જતાં ગાતા હતા :

**'હરિને ભજતાં હજુ કોઈની લાજ**
**જતી નથી જાણી રે......'**

રસ્તામાં માસીનું ઘર આવતું હતું.

મોટાનો અવાજ સાંભળીને માસી, બહાર આવ્યાં. માસી, મોટો ઘાંટો પાડીને બોલ્યાં :

'અલ્યા ચૂનિયા, હવે, મારા પૈસા પાછા ક્યારે આપશે ? કેટલા બધા દિવસ થઈ ગયા. તને કંઈ ભાનબાન છે કે?'

મોટાએ માસી ભણી જોઈને કહ્યું :

'માસી, હવે, જેમ બને તેમ જલદી તમારા પૈસા આપી દઈશ. ચિંતા કરશો નહિ.'

આમ ને આમ અવારનવાર માસી, મોટાને ટોક્યા કરે અને મોટા, શાંતિથી જવાબ આપે.

માસીબા વાયદા સાંભળી સાંભળીને જીવ ઉપર આવી ગયાં. એક દિવસ તેમણે નક્કી કર્યું :

'આ ચૂનિયો રોજ ને રોજ કંઈ ને કંઈ બહાનું કાઢ્યા કરે છે. આજે એની વાત!'

'રસ્તા ઉપર ઊભી રહીને એને બરોબર ઝાટકી નાખું. એ એ જ લાગનો છે !'

તે દિવસે મોટા, હંમેશની જેમ એ રસ્તે થઈને નીકળ્યા. પેલું જ ભજન ગાતા હતા :

**'હરિને ભજતાં હજુ કોઈની લાજ...'**

અવાજ સાંભળીને માસી બહાર રસ્તા ઉપર દોડી આવ્યાં.

મોટાનો મારગ રોકીને બરાડી ઊઠ્યાં.

'એય સાધુડા, હવે તારો ઢોંગ મૂક ! આમ, ખોટા ખોટા વાયદા બતાવતાં તને શરમ નથી આવતી ?

'આજે તો તું મને પૈસા પાછા નહિ આપે તો તને અહીંથી જવા જ નહિ દઉં.'

'તારી આજે બરોબર ફજેતી જ કરું.'

આમ, માસી ઍલફૅલ બોલવા લાગ્યાં.

મોટા, ધીરજથી સાંભળી રહ્યા. તેમણે માસીને પ્રેમપૂર્વક કહ્યું : 'માસી, માસી, શાંત થાઓ. તમે ક્યાં પારકાં છો ? અમારા ઘરની સ્થિતિ તમે જાણો જ છો. હું સાવ લાચાર છું !'

'મને પણ વારે વારે વાયદો કરતાં બહુ જ શરમ આવે છે. પણ શું કરું, માસી ?'

પરંતુ માસીનો પારો ચડતો જ ગયો. માસીએ તેમનો બરોબર ઊધડો લેવા માંડ્યો.

મોટાને થયું :

'માસી ક્રોધે ભરાયેલાં છે. આ વખતે મૌન જાળવવું એ જ સારું.'

મોટા, નીચું મોં રાખી સાંભળી રહ્યા.

સવારનો સમય. લોકોની અવરજવર શરૂ થઈ ગઈ હતી.

માસીનો મોટો ઘાંટો સાંભળીને લોકો તમાશો જોવા ભેગા થવા લાગ્યા.

બધાંને માસી-ભાણેજનો ઝઘડો મફત જોવાની મજા પડી.

આખરે મોટાએ માસીને પગે પડીને કહ્યું :

માસીબા, તમને પગે પડું છું. આટલો વખત મને જવા દો.

'બેચાર દિવસમાં તમને કોઈ પણ હિસાબે પૈસા ચૂકવી દઈશ.'

'મને શાળાએ જવાનું મોડું થાય છે. વિદ્યાર્થીઓ મારી રાહ જોતા હશે.'

'માટે, મહેરબાની કરી મને જવા દો.'

માસી તોછડાઈથી કહે :

'ઠીક જા. બેચાર દિવસમાં નથી આપ્યા તો તારો બરોબર ફજેતો કર્યા વિના નહિ રહું. સમજ્યો કે ?'

માર્ગ મોકળો થતાં મોટા, શાળાએ ગાતાં ગાતાં જવા લાગ્યાઃ

**'હરિને ભજતાં હજુ કોઈની લાજ**
**જતી નથી જાણી રે......'**

મોટાને તે દિવસે આખો વખત ચેન પડ્યું નહિ.

કામમાં ચિત્ત ચોંટે નહિ.

હરિને તેઓ આર્તભાવે પ્રાર્થના કર્યા કરતા :

'હે પ્રભુ! તું દયાળુ છે. મારી લાજ રાખજે.

'હે પરમાત્મા! તેં કેટલાય ભક્તોની લાજ રાખી છે. તો મને પણ આવા મુશ્કેલીના વખતે સહાય કરજે.'

'હે મારા નાથ ! હું સાવ લાચાર છું !'

આ રીતે મોટાએ બેત્રણ દિવસ આર્તભાવે પ્રાર્થના કરી. ત્યાં તો મોટાને એક મનીઑર્ડર મળ્યો.

માસીબા જેટલી રકમ માગતાં હતાં, એટલી જ રકમ ટપાલમાં આવી હતી !

મનીઑર્ડર મળતાં મોટા, ગદ્‌ગદ થઈ ગયા.

ભગવાને આખરે લાજ રાખી ખરી !

મોટા, દોડતાં દોડતાં જઈને માસીનું બધું દેવું ચૂક્તે કરી આવ્યા.

## (૨૩) દિલ જીતી જાય એવો નોકર

મોટા, કોઈને જાણ ના થાય એ રીતે પોતાની સાધના કરતા હતા.

તેઓ આમ તો હરિજનસેવાનું કામ પણ કરતા હતા.

તે વખતે દર વર્ષે એક મહિનો મોટા, રજા લેતા.

મોટા, કોઈ એકાંત સ્થળે એકલા જતા. ત્યાં ગુરુમહારાજના આદેશ મુજબ સાધના કરતા હતા.

જબલપુર પાસે નર્મદા નદી ઉપર ધૂંવાધાર નામની જગ્યા છે.

એકવાર મોટા, ત્યાં સાધના કરવા જવા નીકળ્યા.

એવામાં ગાડીમાં તેમનું ખીસું કપાયું ! સાથેની બધી રકમ જતી રહી !

હવે શું થાય ?

મોટાને મારગ સૂઝી આવ્યો.

તેઓ જબલપુરના એક ગુજરાતી વેપારીની દુકાને ગયા.

ખીસું કપાયાની વાત કરીને મોટાએ તેમને કહ્યું :

'શેઠજી, મારે આટલી રકમ મેળવવા થોડા દિવસ નોકરી કરવી પડશે. કંઈ કામકાજ હોય તો આપવા કૃપા કરો.'

વેપારીએ મૂછો ઉપર હાથ ફેરવતાં ફેરવતાં કહ્યું :

'મારી પાસે એવું કોઈ કામ હાલ તુરંતમાં નથી !'

'પણ હા, તમે ઘરકામ કરવા તૈયાર છો ખરા ?'

'વાસણ માંજવાં પડશે.'

'કપડાં ધોવાં પડશે.'

'આવું બધું ઘરકામ તમને ફાવશે ?'

મોટા, તરત જ બોલ્યા :

'આવું કામ કરવાનું મને ગમે. હું ખુશીથી કરીશ.'

શેઠે રાજી થઈ ઘેર ખબર આપી :

'આપણને નવો નોકર મળી ગયો છે. હું એને ઘેર મોકલાવું છું. એને કામ સોંપજો. કેવું કામ કરે છે એ જોજો. ઠીક લાગે તો રાખીશું.'

શેઠે, મોટાને ઘેર મોકલ્યા.

શેઠાણીએ ઢગલો વાસણ માંજવાં આપી દીધાં.

નાનપણમાં મોટાએ આવું કામ કરેલું હતું. એટલે વાસણ કેમ સારાં માંજીને સાફ કરવાં એ તેમને આવડતું હતું.

મોટાએ ઝડપભેર વાસણો માંજી નાખ્યાં.

ધોઈને તાપમાં સૂકવવા મૂકી દીધાં.

ચોકડી બરાબર સાફ કરી નાખી.

વાસણ સરસ મંજાયાં હતાં. તાપમાં ચમકી રહ્યાં હતાં.

શેઠાણીએ દૂરથી વાસણ જોયાં. એ જોઈને તે ખુશ ખુશ થઈ ગયાં.

શેઠાણીને થયું :

'વાહ ! વાહ ! સરસ નોકર મળી ગયો !'

પછી મોટાને ગાંસડો ભરીને કપડાં ધોવાં આપ્યાં.

મોટાને કપડાં ધોતાં પણ સરસ આવડતું હતું.

મોટાએ કપડાંને ત્રણ વિભાગમાં જુદાં પાડ્યાં.

સૌથી ઓછાં મેલાં, જરા વધારે મેલાં અને સૌથી વધારે મેલાં.

સાબુના પાણીમાં બધાં જુદાં જુદાં બાફ્યાં.

પછી સૌથી ઓછાં મેલાં કપડાં પહેલાં ધોયાં.

ત્યાર પછી જરા વધારે મેલાં કપડાં ધોયાં.

છેવટે ખૂબ જ મેલાં કપડાં ઘસી-ચોળીને બરાબર ધોયાં.

બધાં કપડાં સરસ ધોઈ-નિચોવીને તડકામાં સૂકવવા નાખ્યાં.

બગલાની પાંખ જેવાં ચોખ્ખાં કપડાં જોઈને શેઠાણી રાજી થયાં.

શેઠ, બપોરે જમવા આવ્યા. શેઠાણીએ નોકરનાં ખૂબ વખાણ

કરતાં કહ્યું :

'આવો હાથનો ચોખ્ખો નોકર જિંદગીમાં પહેલી વાર જોયો. શું એનું કામ છે !'

રાતે જમી-પરવારીને, વાસણ માંજીને, ચોકડી ધોઈને મોટા પરવાર્યા.

એટલે પથારી કરવાનો વખત થયો.

દરેક પથારી એવી સરસ રીતે પાથરી કે જોનાર રાજી થઈ જાય.

પથારી ઉપરની ચાદર બરાબર ખેંચીને પાથરી. ક્યાંય જરાયે કરચલી ના દેખાય.

રાતે થોડો સમય મળે.

તે વખતે મોટા, ઘરનાં બાળકોને ભેગાં કરે. રામાયણ, મહાભારતની વાતો કહે.

બાળકો પણ આનંદ આનંદ પામે.

રાતે બધાં સૂઈ જતાં.

એટલે મોટા, પથારીમાં બેઠાં બેઠાં નામસ્મરણ કરે.

હરિનું સ્મરણ કરતાં કરતાં મોટા, ઊંઘી જતા.

આખો દિવસ ઉમંગથી કામ કરેલું એટલે એક જ ઊંઘમાં સવાર પડી જાય.

પછી મોટા, ઘરકામમાં જોડાઈ જાય.

થોડા દિવસમાં મોટાને જોઈતી રકમ થઈ ગઈ.

મોટા, શેઠની રજા લેવા ગયા.

મોટાનું આવું સુઘડ અને ચોખ્ખું કામ જોઈને શેઠને ક્યારનું થતું હતું :

'આ માણસ ગરીબ મજૂર નથી.'

'પૈસાની ભીડને લીધે જ આવું કામ કરવા તૈયાર થયો હશે.'

શેઠે કુતૂહલતાથી કહ્યું :

'ભાઈ, તમે નોકર માણસ લાગતા નથી.'

'તમે આવ્યા ત્યારથી તમારું કામ અમે જોતાં આવ્યાં છીએ.'

'નોકર માણસને આટલી બધી સૂઝ-સમજ સામાન્ય રીતે ના હોય.'

'તમે મને પેટછૂટી વાત કરો. જેથી, મને સમજ પડે.'

મોટાએ નમ્રભાવે બધી વાત કહી.

એ સાંભળીને શેઠને થયું :

'અરેરે, આવા ભગત માણસ પાસે ઘરકામ કરાવ્યું !'

'પ્રભુભજનના થોડા દિવસ બગાડ્યા !'

પછી મોટા, શેઠશેઠાણીની રજા લઈ ધૂંવાધાર જવા નીકળી પડ્યા.

શેઠશેઠાણી મોટાને અહોભાવથી જોઈ રહ્યાં.

## (૨૪) ચોરે ઘરેણાં પાછાં આપ્યાં

સિંધિયા સ્ટીમ નૅવિગેશન કંપનીના મૅનેજર પરસદભાઈ, કરાંચી રહેતા હતા.

મોટા, તેમને ત્યાં કરાંચીમાં હતા.

પરસદભાઈની બે દીકરીઓ : કુરંગીબહેન અને ચિત્રાબહેન. આ બન્ને બહેનો બનારસ હિંદુ યુનિવર્સિટીમાં પરીક્ષા આપવા જવા તૈયાર થયાં.

આટલે દૂર બન્ને દીકરીઓને એકલી મોકલવા પરસદભાઈ રાજી ન હતા.

તેમણે મોટાને એ દીકરીઓની સાથે બનારસ જવા કહ્યું. એટલે મોટા, એ બન્ને બહેનોની દેખભાળ રાખવા બનારસ ગયા.

એક વખતે એ બન્ને બહેનોએ બહાર ફરી આવીને તેમનાં ઘરેણાં કાઢીને મોટાને સાચવવા આપ્યાં.

મોટાએ એ ઘરેણાં પહેરણનાં ગજવામાં મૂકી દીધાં.

થોડાક કલાક પછી મોટા, એ બહેનો સાથે કાશીવિશ્વનાથના મંદિરે મહાદેવજીનાં દર્શન કરવાં ગયા. મંદિરમાં ખૂબ જ ભીડ હતી. એ ભીડમાંથી મારગ કાઢતાં કાઢતાં તેઓ અંદર દાખલ થયાં. દર્શન કરીને ઘેર પાછાં આવ્યાં.

બીજે દિવસે ગંગા નદીમાં નૌકાવિહાર કરવા જવાનું ગોઠવ્યું હતું.

મોટા, કપડાં બદલવા લાગ્યા. પહેરેલાં પહેરણના ગજવામાંથી જે તે બધું નવાં પહેરણના ગજવામાં મૂકવા માટે ગજવાં ફંફોસવાં માંડ્યાં.

તે વખતે મોટાને ખબર પડી કે, પહેરણનું ગજવું કપાયું છે ! ઘરેણાં ચોરાઈ ગયાં છે !

મોટાને થયું :

'મારે ભરોસે જે મૂક્યું તેની જવાબદારી મારી ગણાય. હવે, ભગવાન જે કરે તે ખરું.'

મોટાએ બહેનોને વાત કરી.

બહેનોએ એ વાતને બહુ મહત્ત્વ ના આપ્યું. મોટાને એ વાત ભૂલી જવા કહ્યું.

પરંતુ મોટાને આ વાત મનમાં સાલતી હતી. મનમાં ખૂબ જ વસવસો થવા લાગ્યો.

બહેનો અને મોટા નૌકાવિહાર માટે ગંગાજીને કિનારે ગયાં.

નૌકામાં બહેનોની એક બહેનપણી ભજનો ગાવા લાગી.

મોટા, ભજનો સાંભળતાં સાંભળતાં ભાવાવેશમાં આવી ગયા. બાહ્યભાન જતું રહ્યું.

આ સ્થિતિમાં મોટાને એક દૃશ્ય દેખાયું.

વિશ્વનાથના મંદિરમાં કોણે અને ક્યારે ગજવું કાપ્યું, એ આખું દૃશ્ય આબેહૂબ દેખાયું !

એટલે મોટા, ભાવાવેશની સ્થિતિમાં જ બોલ્યા :

'અલ્યા, આ ઘરેણાં મારાં નથી.'

'બહેનોએ મને સાચવવાં આપેલાં છે.'

'હું તો ગરીબ માણસ છું ! હું ભરપાઈ કરી શકું એમ નથી.'

'આ ઘરેણાં તારાથી જીરવી શકાશે નહિ. તું મને પાછાં આપી દે.'

'મારું રહેવાનું અમુક ઠેકાણે છે.'

'સવારે પરીક્ષાનો અમુક સમય હોવાથી અડધો પોણો કલાક હિંદુ યુનિવર્સિટીના અમુક સ્થળે હું જાઉં છું.'

આ બધું ધ્યાનની અવસ્થામાં બનેલું.

બીજે દિવસે બહેનોની પરીક્ષા હતી. જે મકાનમાં પરીક્ષા લેવાની હતી, ત્યાં મોટા, બીજે માળે ઊભા હતા.

કુરંગીબહેનની એક બહેનપણી સાથે મોટા, બહારના વરંડામાં ઊભા રહી વાતો કરતા હતા.

તે વખતે એક માણસ દૂરથી હાંફતો હાંફતો દોડતો આવતો દેખાયો.

તે માણસ મોટાને હાથ હલાવીને બોલાવવા લાગ્યો :

'ભાઈસાહેબ ! મહેરબાની કરીને નીચે આવો.'

મોટા, નીચે ગયા અને પેલા માણસને મળ્યા.

પેલા માણસે હાંફતાં હાંફતાં મોટાને કહ્યું :

'આ તમારાં ઘરેણાં પાછાં લઈ લો.'

'હું આખા શરીરે એટલો બધો દાઝી મરું છું કે મારાથી બળતરા જીરવી શકાતી નથી !'

'ભાઈસાહેબ, મહેરબાની કરીને એ મટી જાય એવું કરો.'

પ્રભુની કૃપાનો કેવો ચમત્કાર !

મોટાનું હૈયું ભાવથી ગદ્‌ગદ થઈ ગયું.

ઘરેણાં પાછાં મળી જવાથી મોટાને ખૂબ નિરાંત વળી.

પેલા માણસે મોટાને પગે પડીને કાલાવાલા કરતાં કહ્યું :

'ભાઈસાહેબ, મારો આ ભયંકર દાહ મટાડો !'

મોટાએ તેને કહ્યું :

'ભાઈ, આ તો મારા **हरि**ની બધી કરામત છે.

'તું કેવી રીતે જાણી શક્યો કે, આ ઘરેણાં મારાં છે અને હું અહીં છું ?'

પેલા માણસે કહ્યું :

'ગઈ કાલે સાંજ પછીથી મને ઓચિંતી આખા શરીરે એવી ભારે બળતરા થવા માંડી છે કે, તે મારાથી સહન થતી નથી !'

'આ બધા વખત દરમિયાન તમારો ચહેરો વારંવાર નજર સામે તર્યા કરતો હતો.'

'તમે ક્યાં રહો છો તે જગાની મને ખબર પડી હતી.'

'વળી, તમે સવારે ક્યાં હશો એ પણ હું જોઈ શકતો હતો !

રાતે આવવાની મારામાં શક્તિ ન હતી. અત્યારે પણ નથી.

'પણ જેમ તેમ કરીને આવી શક્યો છું. નીકળવાનું થયું, ત્યારે ચાલી નહિ શકાય એમ લાગતું હતું, પણ પછી એમાં એટલી બધી ઝડપ આવી કે દોડ્યા જ કર્યું છે અને એકી શ્વાસે અહીં આવ્યો છું.

'માટે, કૃપા કરીને તમે આ દાહ મટાડો.'

મોટાએ તેને સહજભાવે કહ્યું :

'ભાઈ, તું હવે એક વ્રત લે' :

'મંદિરમાં દર્શને આવનારનું ગજવું નહિ કાપું ને ચોરી નહિ કરું.'

'જો તું આ વચનનું પૂરેપૂરું પાલન કરવા તૈયાર થશે તો પ્રભુકૃપાથી તારા શરીરનો દાહ જરૂર મટી જશે.'

'કોઈ બિચારો મારા જેવો ગરીબ માણસ મહાદેવજીનાં દર્શન કરવાને આવે અને તેનું ગજવું કપાઈ જાય તો તેના કેવા હાલહવાલ થાય !'

'માટે, કૃપા કરીને મંદિરમાં કોઈનું ગજવું કાપવું નહિ એવી અડગ ટેક લે.'

પેલા માણસે મોટાને પગે પડીને માફી માગતાં ગદ્‌ગદ કંઠે કહ્યું :

'ભાઈસાહેબ ! ભૂખે મરીશ, પણ મંદિરમાં કોઈનું ગજવું કાપીશ નહિ. એટલું જ નહિ પણ ખીસાકાતરુનો ધંધો જ છોડી દઈશ.'

થોડી વારમાં જ એ માણસનો દાહ મટી ગયો.

તે ભક્તિભાવથી મોટાને પગે પડીને જતો રહ્યો.

પારકાં ઘરેણાં પ્રભુકૃપાથી પાછાં મળી ગયાં.

એટલે મોટા, શ્રીહરિને મનોમન નમન કરી આભાર માનવા લાગ્યા.

## (૨૫) હરિઃૐ આશ્રમ

મોટા, નામસ્મરણ ઉપર ખૂબ ભાર મૂકતા.

ભગવાનનું નામ આપણે ઊઠતાં-બેસતાં, સૂતાં-જાગતાં, કામ કરતાં કરતાં લેતાં જ રહેવું.

એમ કરવાથી આપણું મન વધારે ને વધારે શુદ્ધ, પ્રભુમય થતું જાય છે.

ચિત્તશુદ્ધિ બહુ મહત્ત્વની છે.

મન જ આપણા જીવનને દોરનારું છે.

માણસને બાંધનાર મન છે.

માણસને મુક્ત કરનાર પણ મન છે.

માટે, **મનને પ્રભુપંથે વાળવામાં, સન્માર્ગે દોરવામાં નામસ્મરણ એ જ ઉત્તમમાં ઉત્તમ ઉપાય છે.**

આ જમાનામાં માણસ સંસારમાં રહીને પણ પોતાના જીવનને સારું બનાવી શકે.

એ માટે, વનમાં જવાની જરૂર નથી.

હિમાલયમાં જવાની જરૂર નથી.

ખૂબ તપસ્યા કરવાની પણ જરૂર નથી.

નામજપ એ આજના જમાનામાં આત્મવિકાસ કરવાનું સારામાં સારું સાધન છે.

મોટા, નામસ્મરણ વિશે કહે છે :

'નામસ્મરણ માટે ખાસ શાસ્ત્ર જાણવાની જરૂર નથી.'

'ખાસ રીત પણ જાણવાની જરૂર નથી.'

મુખ્ય વાત તો એ છે કે-

'જ્યારથી આપણા દિલમાં શ્રીભગવાનનું નામ લેવાનું ઊગે,

ત્યારથી જ ગાંડુંઘેલું પણ લેવાની શરૂઆત કરી દેવી.'

'ભલે કોઈને એ ઘરેડ પ્રમાણેનું લાગે. છતાં તે આપણને લાભદાયક થશે જ.'

નામસ્મરણ સતત લેવું જોઈએ.

એ માટે અમુક કલાક જપ રોજ થવો જોઈએ.

એને સારુ ઘરસંસારમાં જોઈએ તેવી સરળતા સામાન્ય રીતે હોતી નથી.

એ માટે કોઈ એકાંત સ્થળે જવું પડે.

પરંતુ સૌને માટે એમ કરવું શક્ય નથી.

એવા માણસો માટે મોટાને શ્રીગુરુમહારાજ તરફથી આદેશ મળ્યો.

મોટાને મૌનમંદિર શરૂ કરવાની પ્રેરણા મળી.

ગુજરાતમાં મોટાના બે હરિઃૐ આશ્રમો છે :

એક નડિયાદમાં-શેઢી નદીને તીરે.

બીજો આશ્રમ છે સુરતમાં જહાંગીરપુરા નજીક-તાપી નદીને તીરે.

આ હરિઃૐ આશ્રમોમાં મૌનમંદિરો છે.

એકાંતમાં રહેવાનું અને શ્રીભગવાનનું નામ લેવાનું. એક ઓરડામાં એક જ વ્યક્તિ.

મૌનના ખાસ ઓરડામાં જપયજ્ઞ કરનારને માટે પૂરતી સગવડ છે.

કોઈ વાર હરિઃૐ આશ્રમો જોવા જરૂર જજો.

ત્યાંની મૌન માટેની વ્યવસ્થા સમજવા જેવી છે.

હરિઃૐ આશ્રમ એટલે મનની શાંતિ મેળવવાનું સ્થળ.

# (૨૬) શ્રીમોટાનું અનોખું કાર્ય

એક દિવસ મોટા, નડિયાદના હરિઃૐ આશ્રમમાં વડ નીચે બેઠા હતા.

તે વેળાએ શ્રીગુરુમહારાજે દર્શન આપીને કહ્યું :

'તું સમાજનું કંઈ કામ કર.'

'બેસી શું રહ્યો છે ?'

મોટાએ શ્રીગુરુમહારાજને પ્રણામ કરી પૂછ્યું :

'ગુરુમહારાજ, હું શું કામ કરું ?'

સદ્ગુરુએ જવાબ આપ્યો :

'સમાજ પાસેથી એક કરોડ રૂપિયા ભેગા કર.'

'પછી સમાજને પાછા આપી દે.'

'પણ મૌલિક કામ કરજે.'

મોટાએ શ્રીગુરુમહારાજને પૂછ્યું :

'મને કોણ આપશે ?'

ગુરુમહારાજે કહ્યું :

'તારાથી એ કામ થશે.'

'તને મારી સહાય છે.'

હુકમનું પાલન કરવું એ તો મોટાના સ્વભાવમાં જ હતું.

૧૯૬૨ની સાલથી મોટાએ કામ શરૂ કરી દીધું.

'સમાજને બેઠો કરવાનું કામ.'

ત્યારબાદ ચૌદ વર્ષ સુધી મોટા, જનસમાજ વચ્ચે ઘૂમતા રહ્યા.

સમાજમાં ગુણ અને ભાવનો વિકાસ થાય એવી વિવિધ મૌલિક યોજનાઓ મોટાએ ઘડી.

એ માટે શ્રીગુરુમહારાજના આદેશ અનુસાર એક કરોડ રૂપિયા એકઠા કર્યા.

આખરે સંકલ્પ પૂરો કર્યો.

મોટાની આ અનોખી દાનગંગા વિશે જરૂર જાણજો.

## (૨૭) જીવતર ધન્ય કર્યું

શ્રીમોટા, બહુ મહાન સંત હતા.

મુક્તાત્મા હતા.

પરંતુ તેઓ સમાજ વચ્ચે સૌની સાથે પ્રેમભાવથી અને સ્વજનભાવથી હરતાંફરતાં, હસતાંભળતાં રહ્યા હતા.

પહેરવેશ પણ સીધોસાદો રહેતો.

પહેલી વાર શ્રીમોટાને કોઈ જુએ તો તેમની મહાનતાનો ખ્યાલ જ ના આવે.

મોટા તો સાક્ષાત્કાર પામેલા સંત હતા.

૧૯૩૪ની સાલમાં મોટાને ભગવાન શ્રીકૃષ્ણનો સાક્ષાત્કાર થયો.

૨૯મી માર્ચ, ૧૯૩૯માં રામનવમીના શુભ દિને બનારસમાં નિરાકાર બ્રહ્મનો સાક્ષાત્કાર થયો.

**મોટાનું જીવન જીવનતીર્થ બની ગયું.**

પરંતુ મોટાનો વ્યવહાર સહજ રહ્યો.

શ્રીમોટાના જીવનની આ જ ખૂબી છે.

આગળ જતાં મોટાની તબિયત ધીમે ધીમે બગડવા લાગી.

મોટા, નડિયાદ આશ્રમમાં હતા.

તબિયત કથળી ગઈ હતી.

૧૯મી જુલાઈ, ૧૯૭૬નો દિવસ હતો.

મોટાએ આશ્રમનું છાપેલું પૅડ માગ્યું.

સૂતાં સૂતાં મોટાએ લખવા માડ્યું.

એ લખાણ તેમણે નંદુભાઈને આપ્યું.

એમાં લખ્યું હતું :

**'...મારી રાજીખુશીથી મારી પોતાની મેળે મારા જડ દેહને છોડવા ઈચ્છું છું.**

**'...અને તે માટે યોગ્ય પળ લાગશે, ત્યારે હું એમ કરી લઈશ.'**

**'મારા શરીરનો અગ્નિસંસ્કાર શાંત જગ્યાએ,મૃત્યુસ્થળની તદ્દન નજીકમાં કરવો.'**

**'અને તે પણ આપ છ જણની હાજરીમાં જ કરવો.'**

**'ઘણાંને ભેગાં કરવાં નહિ.'**

**'મારાં અસ્થિને પણ નદીમાં પૂરેપૂરાં પધરાવી દેવાં.'**

**'મારા નામનું ઈંટચૂનાનું કોઈ સ્મારક કરવું નહિ.'**

**'મારા મૃત્યુ નિમિત્તે જે કંઈ નાણાભંડોળ ભેગું થાય, તેનો ઉપયોગ શાળાના ઓરડા બાંધવામાં કરવો.'**

તા. ૨૩ જુલાઈ, ૧૯૭૬ને શુક્રવારના રોજ વહેલી સવારે દોઢ વાગ્યે વડોદરા નજીક આવેલા ફાજલપુરમાં એલેમ્બિક દવાની કંપનીવાળા શ્રી રમણભાઈ અમીનના 'હરિઃસ્મૃતિ' ફાર્મમાં પોતાની મેળે દેહત્યાગ કર્યો.

**પછી છ જણની હાજરીમાં જ, મૃત્યુસ્થળની નજીક જ, મહી નદીને કિનારે મોટાનો અગ્નિસંસ્કાર કરવામાં આવ્યો.**

બધું પતી ગયા પછી શ્રીમોટાના દેહત્યાગના સમાચાર જાહેર કરવામાં આવ્યા.

આખું ગુજરાત અવાક બની ગયું !

સૌ શોકમાં ડૂબી ગયાં !

પરંતુ મુક્તાત્મા શ્રીમોટા, આકાશમાંથી સૌનો આભાર માનતા કહેતા ગયા :

'જેમણે જેમણે મને મદદ કરી છે, મારું કામ કર્યું છે, તેમનો તેમનો આભાર માનું છું.'

'ભગવાન તેમનું યશ-કલ્યાણ કરો !'

'અમારાનું અમે છાનું રાખ્યું છે ના,......'

'ઉમળકાથી અમે કરેલું છે,.......'

'ગુરુમહારાજ જીવતા પ્રાણી છે એમ નથી...'

'જેમણે આ મારુ કેટકેટલું કામ કર્યું છે...'

ઉપરના તમામ પત્રો શ્રીમોટાએ તા. ૨૨-૭-૧૯૭૬ના રોજ દેહત્યાગ પૂર્વે લખ્યા.'

આ છે શ્રીમોટાનાં છેલ્લાંમાં છેલ્લાં આશીર્વચન.

કોટિ કોટિ વંદન હો પૂજ્ય શ્રીમોટાને !

જૂનું મૂળ પુસ્તક પૂર્ણ...

• • •

# પરિશિષ્ટ

## (૧) ૬ વર્ષ ૪ મહિનાના સિદ્ધાર્થને પૂજ્ય શ્રીમોટાએ લખેલા ત્રણ પત્રો

### (૧)

હરિઃૐ                તા. ૨-૪-૧૯૪૬

ઘણું વહાલા ભાઈ સિદ્ધાર્થ,

તું બહુ યાદ આવે છે. તેં પૂજ્ય બાપુજી(ગાંધીજી)ને કાગળ લખ્યો હશે. મોટી બાએ મૌનએકાંત લીધું છે. માટે, તું ભગવાનનું નામ લેજે. ને બાને મદદ મળે તે માટે ભગવાનની પ્રાર્થના કરજે. ભગવાન બાળકની પ્રાર્થના સાંભળે છે, કારણ કે બાળક તદ્દન નિર્મળ ને નિર્દોષ પાપ વિનાનું હોય છે.

આપણને ખાવાનું મળે છે, પહેરવાનાં સારાં સારાં લૂગડાં મળે છે, રહેવા કરવાનું મજાનું ઘર મળે છે, ગમતા ને આનંદ આપે એવાં માબાપ મળે છે, એ બધું ભગવાનને લીધે છે. ભગવાન આપણને બુદ્ધિ આપે છે. જે કંઈ મળે છે તે બધું ભગવાનને લીધે મળે છે. આપણી સંભાળ ને કાળજી પણ ભગવાન રાખે છે. રાત્રે સૂતી વખતે ભગવાન આપણું રક્ષણ કરે છે. એવા ભગવાનને જે ભૂલે તે પાપી કહેવાય.

મોટા તને સ્વપ્નમાં આવ્યા હતા કે નહિ ?

ભાઈને તું ખૂબ હસાવે છે ખરોને ? કાંતાબા તથા ભાઈને તું ખૂબ રાજી રાખશે. ભાઈને વાતો કરાવજે.

હેરાન કરવાનું કે મારવાનું મન થાય તો મોટાને તેમ કરવું. કોઈને ધક્કો પણ ન મરાય. મોટાને મરાય, પણ એકલાં

એકલાં ઓરડામાં જઈને કોઈ ના જુએ તેમ. કદી કદી એને બોલાવજે હોં.

તું હવે ક્યારે મળશે ? પૂજ્ય બાપુજી સ્વપ્નામાં આવે ત્યારે એમને તું કાગળ લખજે હોં.

મારાવતી પૂજ્ય કાંતાબા તથા ભાઈને વહાલ કરજે. બા તથા ભાઈ મને યાદ આવે છે. તને યાદ આવે છે ખરાં.

(૨)

હરિઃૐ તા. ૧૪-૪-૧૯૪૬

સાયલા

પૂજ્ય ભાઈ સિદ્ધાર્થ,

તારો કાગળ મળ્યો છે. તું સાયલા આવશે ત્યારે વજુકાકા તને સુંદર બે ધોળા મોટા ઘોડાની ગાડીમાં જરૂર બેસાડશે. આશ્રમમાં આપણે હવે વહેલાં વહેલાં રહેવા જવાનું થશે. તું ત્રિચિથી આવે ત્યારે પૂના પાસે પૂ. બાપુજી રહેતા હોય તો તેમનાં દર્શન કરવાં ઊતરજે. પૂ. ભાઈને તું કહેજે. ભાઈ (શ્રી નંદુભાઈ) તને ના હસાવે તો તું કેમ ભાઈને હસાવતો નથી ? તારે તો ગમ્મત કરી કરીને ભાઈને ખૂબ જ હસાવવા જોઈએ. હવે હસાવીને મને કાગળ લખજે. ભાઈ તને ગુફાઓ જોવા લઈ જવાના છે. પહેલાંના વખતમાં ભગવાનનું ભજન કરવા પર્વતને હથિયારોથી કોરી કાઢીને ગુફાઓ બનાવેલી ને ત્યાં જેને ભગવાનને મેળવવા હોય તે એકાંતમાં રહેતા. જેમ તું રહ્યો હતો તેમ. એવી ગુફાઓ જોવા ભાઈ તને લઈને જવાના છે. મુંબઈમાં પણ તેવી બે ગુફાઓ છે. એનું નામ એલિફન્ટા

ને જોગેશ્વરી છે. તે પણ ભાઈ તને બતલાવશે તથા બીજું બધું જોવા પણ લઈ જશે, પણ એ બધું તને બતાવવા લઈ જાય ને જો તું ધ્યાનપૂર્વક એ બધા ફરવાના દિવસોમાં જાણે કરે નહિ તો તું પાછો પડી જાય તે મને તો ના ગમે. માટે, ખૂબ અભ્યાસ કરતો રહેજે. ભાગાકાર ગુણાકારમાં આગળ વધજે. બાની પાસે કૉષ્ટકો શીખજે. હમણાં મને આળસ આવી છે, તેથી બાને તથા ભાઈને મેં કાગળ લખ્યો નથી. મુંબઈમાં તારા માટે ભાઈ બીજી ચોપડીઓ પણ લેશે. તું જે જુએ તે બધું લખે તો મને બહુ આનંદ થાય. કાગળ તો જરૂર લખતા રહેવું. પૂ. મોટી બા તો મૌનએકાંતમાં છે. ને તારી પેઠે હરિઃૐ, હરિઃૐ એમ બોલ્યા કરે છે. અહીં નાનો બાબો છે. એનું નામ હરિદત્ત છે. હું જે ગામમાં હાલ છું, એનું નામ સાયલા છે. તે ગામ કાઠિયાવાડમાં આવેલું છે. આપણે જે મુલકના છીએ એનું નામ ગુજરાત છે. ને ગુજરાતનો એક ભાગ કાઠિયાવાડ ગણાય છે. ભાઈ તને નકશામાં કાઠિયાવાડ બતાવશે. તું મને બહુ જ યાદ આવે છે. ચંદ્રકાંતકાકા ત્યાં આવ્યા છેને ? મુંબઈ તું જાય ત્યારે બાલાકાકાને તથા કાકીને પગે લાગજે ને પૂ. મોટા કાકા હોય તોપણ એમને પગે લાગજે. અમદાવાદમાં પૂ. દાદાને, મામીને, ચોકલેટકાકીને, બંસીકાકાને – બધાંને પગે લાગજે. ને લાકડીવાળા દાદાને ત્યાં પણ જજે ને પગે લાગજે.

તને લાંબો કાગળ ગમે છે તેથી લાંબો કાગળ લખ્યો છે. તારે જ્યારે મને કાગળ લખવો હોય ત્યારે લખવો. ખૂબ આનંદમાં રહેજે ને બધાંને આનંદ કરાવજે.

(૩)

હરિઃૐ  તા. ૧૯-૪-૧૯૪૬

સાયલા

પૂજ્ય ભાઈ સિદ્ધાર્થ,

તું મારા કાગળની આશા રાખે છે તે તો મને ગમે છે, પરંતુ 'તું' જેટલા કાગળ લખશે તેના જવાબ તને આપીશ, તે જાણજે. પૂ. બા તથા ભાઈ તો ઘણી વેળા કાગળો લખે તેથી એમને મારા જવાબો પણ વધારે મળે. તેઓને કાગળો હું તો વધારે શીખવવા મોકલું છું. તેઓ કાગળોમાંથી શીખવાનું કરે છે. તું શીખવાથી કંટાળે છે ખરો ? હરિદત્તને જોતાં તું મને બહુ યાદ આવે છે. હરિદત્ત તો બહુ રડે છે. તે હજી નાનો છે, પણ તેં તારાં માબાપને કદી પણ પજવ્યા નથી. એવો ડાહ્યો નાનપણમાં રહ્યો છે તો હવે મોટપણમાં એવો ડાહ્યો રહીશ કે કેમ ? તે મને લખજે. ભાઈ હરિદત્તથી તો એની બા તોબા તોબા હેરાન થઈ જાય છે. તે એવો હોવા છતાં એનામાં પણ તારા જેવું ઘણું છે. તું એક બાજુનો છે તો તે બીજી બાજુનો છે. તું એને તારી સાથે રાખશે ખરો ? એને તું રમાડશે ને ભણાવીશ ખરો ? તે તું મને લખજે. વજુકાકા હરિદત્તથી ખિજાતા નથી. એ તને ઘણી વાર યાદ કરે છે. જયામાસી પણ તને જોવા ઇચ્છે છે. મને તો તને મળવાનું મન થયું છે. તું ક્યારે આવશે ? તું જ્યારે પર્વતોમાંની ગુફાઓ જુએ ત્યારે કોઈ એક સારી ગુફામાં ધ્યાન કરવાનું જરૂર રાખજે. ત્યાં મને તું યાદ કરશે ખરો ? ઘેર હોઈએ કે મુસાફરીમાં હોઈએ પણ

ભણવાનું કદી પણ છોડવું નહિ. એટલું કૃપા કરીને તું રાખજે.

પૂના પાસે મહાત્મા ગાંધીજી હોય તો એકાદ દિવસ પણ હેરાનગતિ થાય, મુશ્કેલી પડે તોપણ તું એમનાં દર્શન કરવાં જજે ખરો. તને તારા મૌનએકાંતની વાત પૂછે તો તારે તે વાત બાપુજીને કરવી. આશ્રમમાં જઈને ભાઈ તને કાંતવાનું પણ શીખવી દેશે. પછી તારે રોજ કાંતવું. એમાંથી સૂતર થશે ને એ સૂતરમાંથી તારાં પહેરવાનાં કપડાં થશે. કહે કેવી મજા ! તારી સાથે તું મને રાખશે ? આ વખતે તું મારી સાથે કરાંચી આવશે ? તું વિમાનમાં ઊડવાનો હતો તેનું શું થયું ? ભાઈ કે બા કદી કદી ઊડે છે કે નહિ તે એમને પૂછી જોજે. તું ભાઈ તથા બા સાથે વાતો ખૂબ કરજે હોં ! તારા વાળ કેવડા થયા છે ? હરિદત્તના વાળ મોટા થયા છે. તે તા. ૨૧-૪-૧૯૪૬ના રવિવારે કાપી નાખીશું. પણ રોફિન (લાંબા વાળ વાળી હૅર સ્ટાઈલ) નહિ. તું પૂ. બાપુજીને મળે ત્યારે જરૂર પૂછી લેજે કે સાદા વાળ સારા કહેવાય કે રોફિન ? જરૂર આટલું પૂછી જોજે.

મારે તને વહાલ કરવું છે. મનથી તો કરું છું ખરો. તને કદી સ્વપ્નમાં મોટા આવે છે ખરા ?

એ જ લિ. તારા મોટાના ઘણા ઘણા

સપ્રેમ પ્રણામ

## (૨) એક બાળકીને પત્ર

હરિઃૐ        તા. ૯-૪-૧૯૫૧

કુંભકોણમ્

(હરિઃૐ આશ્રમ, સુરતનું ભૂમિપૂજન શ્રી પુષ્પાબહેન દલાલના શુભહસ્તે તા. ૨૩-૪-૧૯૫૬ના રોજ કરાવ્યું હતું. આ પત્ર પુષ્પાબહેનની નાની દીકરી લતાને લખ્યો છે.)

'ઘણી વહાલુડી,

હું તને યાદ કરું છું, એટલે શું તેની ખબર છે ? અર્થ ખબર ન હોય તો બહેનને પૂછજે. વેલને તો કોઈ આધાર જોઈએ જ. આધાર વિના એ મોટી ના થાય. વેલને એકલું રહેવું પાલવે નહિ અને એકલું રહેવું ગમે પણ નહિ અને એકલી એ જીવી શકે નહિ. મારે તને ખૂબ જોવી છે અને ખૂબ વહાલ કરવું છે, પણ હું તો સાવ ગામડિયો છું, દીઠે જરાકે ગમું એવો નથી. જેની ઘણી હજામત વધી ગઈ હોય, માથે ઠોબરા જેવું ફેંટિયું હોય એવાને જોઈને તું બી તો નહિ જાયને ? **રોજ ભગવાનનું નામ લેતી રહેજે.** મોટી બહેન પણ હવે પરણીને જતી રહેવાની અને તું એકલી જ બહેન પાસે રહેવાની. માટે, **તું બહેનને ઘણું વહાલ કરજે. બહેન તને વઢશે નહિ અને કદાચ ધારો કે વઢે તોપણ મા વઢે તેથી ખોટું શું લગાડવાનું ?** મારી મા તો મને ઘણું મારતી પણ, તોય હું તો માને બહુ હેત કરતો. **મા જેવું બીજું કોઈ વહાલું નથી. 'મા તે મા, બીજા બધાં વનના વા'** એવી એક કહેવત છે. બહેનને મારા વતી બોલાવજે. ડાહી થજે અને સમજુ થજે. ભણવામાં ઘણું ચિત્ત રાખજે. અહીં હું, લતા તો ઘણીયે દેખું છું, પણ તે તું નથી.'

'જીવનમંડાણ', આ.૫, પૃ. ૧૭૧-૧૭૨        - શ્રીમોટા

## (૩) શ્રીમોટા કહેતા : Divine energy (ઈશ્વરીય શક્તિ) એ સત્ય હકીકત છે તેમ આધ્યાત્મિક વિજ્ઞાન પણ સત્ય હકીકત છે.

ત્યારે આપણામાં ચેતન છે. આપણામાં Divine energy (ઈશ્વરીય શક્તિ) છે એ વાત તો સાચી કે ખોટી ? આ વિજ્ઞાનની વાત તો સાચીને ? જેમ વૈજ્ઞાનિકો થઈ ગયા તેવી જ રીતે આપણા અધ્યાત્મ વિજ્ઞાનમાં પણ એવા પુરુષો થઈ ગયા છે. માત્ર આપણા દેશમાં જ નહિ બીજા દેશોમાં પણ એવા પુરુષો થઈ ગયા છે. જેમ $H_2$+O = Water (પાણી) એ વૈજ્ઞાનિક સત્યને આપણે નકારી શકતાં નથી. તેમ આધ્યાત્મિક વિજ્ઞાનનું પણ સત્ય છે. આ માર્ગે જેઓએ પ્રવાસ કર્યો છે અને એમને જે જે અનુભવ થયા છે, તે તે એમણે ટાંક્યા છે. તે છતાં તે આપણી કુંઠિત બુદ્ધિથી આપણે સ્વીકારતાં નથી. કહીશું કે વિજ્ઞાનના સત્ય તો સાબિત કરી શકાય, પણ આ તો સાબિત થતા નથી તો કેવી રીતે માનીએ ? પણ એને પણ સાબિત કરી શકાય, જો પ્રયત્ન કરીએ તો, પણ એવા પ્રયત્ન માટે ગરજ પ્રગટે તો જ આપણાથી થાય. વિજ્ઞાનના અનુભવો તો પ્રકૃતિના પ્રદેશના છે. એટલે સહેલાઈથી સમજાય છે અને માની શકાય છે, પણ આધ્યાત્મિક અનુભવો તો પ્રકૃતિથી ઉપરના પ્રદેશના છે. એટલે એ એકદમ સહેલાઈથી અનુભવી શકાતા નથી. જ્યાં સુધી ગરજ ન જાગે, તાલાવેલી ન જાગે, ભૂખ ન જાગે ત્યાં સુધી એવા અનુભવો ન થાય. તેમ છતાં એવા અનુભવો તમને જોવા મળે ખરા. આપણા દેશમાં અનેક ભક્તો થઈ ગયા. એમના જીવનમાં જે પ્રસંગો

થઈ ગયા તે જુઓ. રામ અને કૃષ્ણથી માંડીને અત્યાર સુધીના પ્રસંગો જુઓ તો જાણવા મળશે ખરું, પણ આપણે તો એ બાબતમાં વિચાર કરતાં જ નથી. ખાવું, પીવું અને લહેર કરવી એમાં જ બધું સમાઈ જાય છે.

'મૌનમંદિરમાં હરિસ્મરણ', આ.૪, પૃ. ૪૩-૪૪ – શ્રીમોટા

## (૪) ગુણ અને ભાવ

**સ્વજન :** ગુણ અને ભાવ એટલે શું ?

**પૂજ્ય શ્રીમોટા : ગુણ એટલે કે ઉદારતા, વિશાળતા, સહનશક્તિ, ધીરજ, શાંતિ, પ્રસન્નતા, હિંમત, સાહસ, ત્યાગ, પરાક્રમ અને બીજાને કેમ કરીને મદદગાર થવાય વગેરે. અને ભાવ એટલે જેના વડે ઉપરના ગુણો આપણામાં યથાર્થ રીતે ચોંટી રહે તે. ભાવ એવો મુલાયમ સૂક્ષ્મ ગુંદર છે કે જેમાં ગુણો આપમેળે ચોંટી જાય છે અને ગુણોની યથાર્થતા વધે છે. ભાવથી ભાવના કેળવાય છે.**

જ્યારે જીવનમાં સાચી ભાવના પ્રગટે છે ત્યારે સાચી સમજણ ઊગે છે. જેને ધ્યેય પરત્વેની ઝંખના જાગી છે, તેનામાં ભાવના પ્રગટે છે ને તેવી ઝંખના પ્રગટાવવાને માટે અભ્યાસ, ઉદ્યમ, ઉત્સાહ વગેરેની પણ જરૂર છે. એમાંથી પછી ગતિ પ્રગટી શકે. ભાવના આપણી આંખ ખોલે છે, આપણને તે બેઠાડુ રહેવા દેતી નથી. શરીરના એકેએક અંગની કેળવણી ભાવનામાંથી પ્રગટે છે. તેથી ભાવનાને હજાર હાથવાળી અને હજાર આંખવાળી કહી શકાય. હરિનું સ્મરણ, પ્રાર્થના, ભજન, કીર્તન વગેરેના અભ્યાસથી ભાવ પ્રગટે છે અને ભાવમાંથી ભાવના જન્મે છે.

'મૌનમંદિરમાં હરિસ્મરણ', આ.૪, પૃ. ૬૯-૭૦ – શ્રીમોટા

## (૫) સમાજને બેઠો કરવાની પૂજ્ય શ્રીમોટાની દૃષ્ટિ

પરમાર્થ એવો કરો કે જેથી સમાજ બેઠો થાય. સમાજ બેઠો થાય તેવી પ્રવૃત્તિની આજે જરૂર છે.

આપણા દેશમાં, આપણા સમાજમાં, મર્દાનગી, સાહસ, હિંમત એ નહિ હોય તો આપણો દેશ બેઠો કેવી રીતે થવાનો ? તમે ધર્માદો એવો કરો કે જેનાથી સમાજ બેઠો થાય. પરમાર્થ એવો હોવો જોઈએ કે સમાજની સમગ્રતાને સ્પર્શે.

સમાજમાં ગુણ અને ભાવનો દુકાળ પડ્યો છે. તે નિવારવા માટે પ્રયત્ન કરવો એ સમાજની સાચી સેવા છે.

લક્ષ્મીવાળા પાસે ગુણ અને ભાવ નહિ હોય તો એ સ્વચ્છંદી થઈ જશે. તો એ લક્ષ્મીનો દુરુપયોગ થવાનો છે. ગુણ અને ભાવ વિના ધર્મ ના સંભવી શકે.

પંચમહાભૂતોથી રચાયેલા સ્થૂળ શરીરનો નાશ થાય છે ત્યારે સૂક્ષ્મશરીર નીકળી જાય છે, તેની સાથે ગુણ અને ભાવ બીજા જન્મમાં પણ જાય છે. તેથી, ગુણભાવ વિકાસની પ્રવૃત્તિઓનું દાન જ સાચું શ્રેષ્ઠ દાન છે.

મૌન, એકાંત, અભય, નમ્રતા, ભજન, કીર્તન, સ્મરણ અને નિવેદનથી ભગવાન પરત્વેની અભિમુખતા પ્રગટે છે, અંતર્મુખતા પ્રગટે છે, અને આ ચાર સાધનોથી ગુણભાવના પ્રગટે છે.

આજે દેશમાં ધર્મ જીવંત નથી. જો તે જીવંત હોય તો લોકોમાં દેશદાઝ, શૌર્ય, સહિષ્ણુતા, પ્રામાણિકતા, ત્યાગ, સંપ, સાહસ, એકતા, લાગણી-ભાવ વગેરે દેખાત. સમાજમાં ગુણ અને ભાવના પ્રગટ્યા વિના ધર્મ ટકશે નહિ.

મૌલિક કામો જ કરવાં. અનુભવી હંમેશાં મૌલિક કામો જ કરે. ચીલેચલુ નથી રહેતો પણ અત્યારે બધું એમ જ ચીલેચલુ જ છે - તો પછી સમાજ કેવી રીતે ઊઠે ?

'મોટા—મારી મા', - શ્રીમોટા
આ.૪, પૃ. ૧૪૨

## (૬) શ્રીમોટા કેવી રીતે રાજી થાય ?

શ્રીભગવાનને નિયમિત પ્રાર્થના કરવાથી રાજી થાય. બાળકોને તરતા આવડે, સાઈકલ ચલાવતા આવડે, બાળકો રમતગમતની સ્પર્ધામાં ભાગ લે, શારીરિક શ્રમ કરે તો મોટા રાજી થાય. બાળકો ભણવામાં ધ્યાન આપે, પહેલો નંબર લાવે, મનગમતા વિષયમાં હાઈએસ્ટ માર્ક્સ લાવે, શાળામાં નિબંધ સ્પર્ધા, વક્તૃત્વ સ્પર્ધા, ચિત્રકામ સ્પર્ધામાં ભાગ લે તો મોટા રાજી થાય.

બાળકો પ્રમાણિકતા, વફાદારી, વિનય અને વિવેકથી જીવન જીવે ત્યારે મોટા ખૂબ રાજી થાય. બાળકો એકાગ્રતાથી પોતાનું કામ કરે, માબાપને મદદરૂપ થાય, પોતાના મિત્રોને મદદરૂપ થાય ત્યારે મોટા ખૂબ રાજી થાય. મોટા બાળકોને પહેલો નંબર લાવવા માટે ઈનામ જાહેર કરતા અને રૂ. ૧૦૦/-, રૂ. ૨૫૦/- ઈનામ આપતા અને જો પહેલો નંબર નહિ આવે તો બાળકે ટકોમૂંડો કરાવવાનો એવી શરત મૂકતા.

શ્રીમોટા કહેતા - બાળકોને સંગીત શિખવાડવું જ જોઈએ, બાળકો તો માબાપનાં પ્રેમના ભૂખ્યા હોય છે. એટલે માતા-પિતા પણ બાળકોને પ્રેમ કરે, તેમના સર્વાંગી વિકાસમાં ધ્યાન આપે તો મોટા ખૂબ ખૂબ રાજી થાય.

મોટાએ ઘણાં બાળકોને શાબાશી સાથે ઈનામ આપ્યાં છે અને ઘણાના ટકામૂંડા પણ કરાવ્યા છે. મોટા એમ પણ કહેતા, આપણું શરીર માતાપિતાથી બંધાયેલું છે. **શરીર વડે સેવા કરીને જ આપણે માતાપિતાનું ઋણ વાળી શકીએ. દુનિયામાં બીજા બધાંના કરેલા ઉપકારોનો બદલો કદાચ વાળી શકાય. પરંતુ માતાપિતાના ઋણનો** બદલો તો કદાપિ વાળી ના શકાય. બાળકોના સર્વાંગી વિકાસની જવાબદારી માબાપની છે. બાળકોના વિકાસ માટે માબાપે પણ ઉન્નત થવું પડશે. બાળકની એક આંખ માતા પર અને બીજી આંખ પિતા પર હોય છે. તેમાંથી જ એ ઘણું ખરું શીખી લે છે.

- ડૉ. શ્રી મનસુખભાઈ પટેલ (સુરત)

## (૭) હરિને ભજતાં હજી સુધી...

શ્રીમોટાનું પ્રિય ભજન -

હરિને ભજતાં હજી કોઈની લાજ જતી નથી જાણી રે,
જેની સુરતા શામળિયા સાથ, વદે વેદવાણી રે. ટેક

વહાલે ઉગાર્યો પ્રહ્લાદ, હિરણ્યકશિપુ માર્યો રે,
વિભીષણને આપ્યું રાજ, રાવણ સંહાર્યો રે. ૧

વહાલે નરસિંહ મહેતાને હાર હાથોહાથ આપ્યો રે,
ધ્રુવને આપ્યું અવિચળ રાજ, પોતાનો કરી થાપ્યો રે. ૨
વહાલે મીરાં તે બાઈનાં ઝેર, હળાહળ પીધાં રે,
પાંચાળીનાં પૂર્યાં ચીર પાંડવ કામ કીધાં રે. ૩

આવો હરિ ભજવાનો લહાવો, ભજન કોઈ કરશે રે,
કર જોડી કહે પ્રેમળદાસ, ભક્તોનાં દુઃખ હરશે રે. ૪

**- શ્રી પ્રેમળદાસ**

## (૮) પ્રભુ શરણચરણમાં રાખો રે...

(પ્રાર્થના)

પ્રભુ, શરણચરણમાં રાખો રે, પાવલે લાગું.
રસિયાજી અંતરયામી ! મારા હૃદયકમળના સ્વામી !
અલબેલા પ્રેમીનામી ! રે, પાવલે લાગું. પ્રભુ૦

શરણાગતવત્સલ જાણી, તને જણાવી અંતર ક્‌હાણી,
તોય મન રહ્યું હજુ માની રે, પાવલે લાગું. પ્રભુ૦

અડવું બધું એનું ટાળી, હેળાવી દઈ ગિરિધારી !
પદ લગાડી દોની તાળી રે, પાવલે લાગું. પ્રભુ૦

વ્‌હાલાજી ! સાધન કંઈ ના, દિલ-પ્રેમ-ભાવનાં ફૂલડાં,
વેરું છું નિત તમ પદમાં રે, પાવલે લાગું. પ્રભુ૦

બાળકનું જોર કશું શું ! જો હોય કશું, તો રડવું,
એ જોરે મારે તરવું રે, પાવલે લાગું. પ્રભુ૦

'જીવનસંશોધન', પાંચમી આ, પૃ. ૪૦૯-૪૧૦ - શ્રીમોટા

## સાધનામર્મ

૧. મુખથી કે મનમાં જાગૃતપણે જપ, સાથેસાથે હૃદય પ્રદેશે ધ્યાન તથા ચેતનના ચિંતન સહ ભાવાત્મક ભાવનું રટણ.
૨. પ્રત્યેક પળે સતત સમર્પણ, સારું તેમ જ નરસું-બંનેનું.
૩. સાક્ષીભાવ, જાગૃતિ, વિચારોની સાંકળ ન જોડો.
૪. બને તેટલું વધુ વાચિક અને માનસિક મૌન રાખો, કેળવો અને ખૂબખૂબ શરણભાવ જીવનમાં ચેતનાપૂર્વકની જાગૃતિથી કેળવ્યા કરો.
૫. આગ્રહો—પ્રભુચિંતન સિવાયના સર્વ આગ્રહો છોડો, નમ્રતા કેળવો, શૂન્ય થવાનું ધ્યેય રાખો.
૬. ખૂબ ભાવપૂર્વક હૃદયસ્થ રહીને આર્દ્ર અને આર્તભાવથી પ્રાર્થના કરો, ભગવાનને સર્વ સુખદુઃખ જણાવતા રહો, તેની સાથે આત્મનિવેદન દ્વારા અંગત ખૂબ ગાઢો સંબંધ બાંધો, મનમાં કશુંયે ઘોળાવા ન દો. ખાલી રહો.
૭. આવી પડતાં કામો પ્રભુનાં સમજો, જરાયે કચવાટ વિના ખૂબ પ્રેમપૂર્વક તે કરો. પ્રત્યેક પ્રસંગ-બનાવ આપણા કલ્યાણ અર્થે જ છે અને પ્રત્યેક પ્રવૃત્તિ આપણા પોતાના જ વિકાસાર્થે થવી ઘટે.પ્રત્યેક પ્રસંગ પાછળ પ્રભુનો ગૂઢ, શુભ સંકેત રહેલો છે.
૮. આત્મલક્ષી-અંતર્મુખી થાઓ, માત્ર પોતાની દુનિયામાં વસો. જાણી-જોઈને જાતને સંડોવવા દો નહિ.
૯. પર (પારકાંની) સેવા પ્રભુની સેવા સમજો, સેવા લેનાર, સેવા દેનાર ઉપર, સેવા કરવાની તક આપીને ઉપકાર કરે છે. રામે આપ્યું છે અને રામને દઈએ છીએ, ત્યાં 'મારું મારું ' ક્યાં રહ્યું ? તારું આ જગતમાં છે શું ?
૧૦. પ્રત્યેક કાર્ય, પ્રત્યેક વાતચીત, વ્યવહાર આપણા ધ્યેયને વેગ આપે એવા ખાસ હેતુસર, હેતુનું લક્ષ જીવતું રાખીને કરવાં. વાંચતી-લખતી વખતે અને પ્રત્યેક કર્મ કરતી પળે ભાવની સ્મરણ ધારણાનો અભ્યાસ કેળવ્યા કરો.
૧૧. વૃત્તિનું મૂળ શોધો, તેનું પૃથક્કરણ કરો. તેમાં ભેળવાયા વિના તેને તટસ્થતાપૂર્વક અને સ્વસ્થતાપૂર્વક નિહાળો.

૧૨. પ્રભુની પ્રત્યેક કળા, સૌંદર્ય, રમ્યતા, વિશુદ્ધતા આદિ પ્રસાદીઓમાં રહેલા ભાવનું, તેને તેને અનુરૂપ ભાવનું, આપણામાં ત્યારે અવતરણ થવા પ્રાર્થના કરવી.

૧૩. ઊર્મિ, આવેશ અને લાગણીને એમ ને એમ વહી જવા ન દો, તેમ જ તેમાં ભેળવાઈ પણ ન જાઓ. તેનો સાધનામાં ઉપયોગ કરો, તાટસ્થ્ય કેળવો.

૧૪. જમતી વખતે અને પાણી પીતી વખતે જીવનમાં ચેતનશક્તિના અવતરણ-ભાવની પ્રાર્થના કરવી, શૌચ, પેશાબ આદિ ક્રિયાઓ સમયે વિકારો, નબળાઈઓ ઇત્યાદિના વિસર્જનભાવની પ્રાર્થના કરવી.

૧૫. સ્થૂળનો ખ્યાલ ત્યજીને સૂક્ષ્મતત્ત્વને નજર સામે રાખો. વૃત્તિની શુદ્ધિ કરો, ભાવની વૃદ્ધિ કરો.

૧૬. પ્રભુ સચરાચર છે. आत्मवत् सर्वभूतेषुની ભાવના કેળવો.

૧૭. પ્રત્યેક વ્યક્તિ અને વસ્તુની ઊજળી બાજુ જુઓ. કોઈનાય કાજી ન થાઓ, કશાય ઉપર ઝટ અભિપ્રાય ન આપો, વાદવિવાદ ના કરો, પોતાનો આગ્રહ ન રાખો, બીજાઓમાં શુભ હેતુઓનું આરોપણ કરો, માનસિક અને સાર્વત્રિક ઉદારતા જીવનમાં પ્રગટાવો, ખૂબ પ્રેમભાવ કેળવો, પ્રકૃતિનું રૂપાંતર કરવાનું છે તે લક્ષમાં રાખીને પ્રકૃતિવશ ન થતાં કર્મોની ઉપરવટ વર્તો, ફળની આસક્તિ છોડો, પોતાને થતા અન્યાયો-આવી પડતાં દુઃખો-આદિનું મૂળ પોતામાં જ છે એમ દૃઢાવો, ગુરુમાં પ્રેમભક્તિભાવ દૃઢતર કર્યા કરો, અભીપ્સા, ઈન્કાર અને સમર્પણનો ત્રિવેણીસંગમ ઉદ્‌ભવાવો, સદાય પ્રસન્નતા પ્રવર્તાવો, કૃપા અને પુરુષાર્થના યુગલને જીવનમાં ઉતારો, પ્રત્યેક કર્મના આદિ, મધ્ય અને અંતમાં પ્રભુની સ્મૃતિ પ્રગટાવો, મન નિઃસ્પંદ કરો, રાગદ્વેષ નિર્મૂળ કરવાની જાગૃતિ રાખો, થયેલા આધ્યાત્મિક અનુભવો પ્રત્યક્ષ રોજિંદા વ્યવહારમાં જીવતા કરો, ક્યાંયે કશામાંથી ભાગવાનું ના હોય, યદચ્છા જે આવી મળે તે પ્રભુપ્રસાદી ગણીને તેને વધાવી લો. ક્યાંય કોઈની સરખામણી ના કરો, અનુકૂળ પ્રતિકૂળ પરિસ્થિતિ એ મનની ભ્રમણા છે, જીવન-સાધના સારુ સર્વ કંઈ સાનુકૂળ જ હોય છે, પ્રભુમય-તેના મૂક યંત્ર-થવાની જ બસ એક ઉત્તેજના હવે જીવનમાં રાખો.

૧૮. કર્મમાં, કર્મનું મહત્ત્વ નથી, પરંતુ જીવનના ભાવનું સતત એકધારું, જીવતું ચિંતન રહ્યા કરે એ સવિશેષપણે મહત્ત્વનું છે. તેવો જીવતો અભ્યાસ કર્મ કરતી પળે કેળવવો. - **શ્રીમોટા**

॥ હરિઃૐ ॥

## પૂજ્ય શ્રીમોટાના જીવનની મહત્ત્વની તવારીખ

**જન્મ : તા. ૪-૯-૧૮૯૮, ભાદરવા વદ ચોથ, સંવત ૧૯૫૪**
સ્થળ : સાવલી, જિ. વડોદરા, નામ : ચૂનીલાલ,
માતા : સૂરજબા, પિતાઃ આશારામ, અટક : ભાવસાર.

**૧૯૧૬ :** પિતાનું અવસાન.

**૧૯૦૫ થી ૧૯૧૮ :** તૂટક અભ્યાસ-સાથે આકરી મજૂરી.

**૧૯૧૯ :** મૅટ્રિક પાસ.

**૧૯૨૦ :** વડોદરા કૉલેજમાં.

**તા. ૬-૪-૧૯૨૦:** કૉલેજ ત્યાગ.

**૧૯૨૦ :** ગૂજરાત વિદ્યાપીઠ પ્રવેશ.

**૧૯૨૧ :** વિદ્યાપીઠનો ત્યાગ. હરિજન સેવાનો આરંભ.

**૧૯૨૨ :** ફેફરુંના રોગથી કંટાળીને ગરુડેશ્વરની ભેખડ ઉપરથી આત્મહત્યાનો પ્રયાસ, દૈવી બચાવ, 'હરિઃૐ' જપથી રોગ મટાડવાનો સફળ પ્રયોગ.

**૧૯૨૨ :** 'મનને'ની રચના.

**૧૯૨૩ :** 'તુજ ચરણે'ની રચના તથા પ્રકાશન.

**૧૯૨૩ :** વસંતપંચમીએ પૂ. શ્રીબાળયોગીજી દ્વારા દીક્ષા. શ્રીકેશવાનંદ ધૂણીવાળા દાદાનાં દર્શને - સાંઈખેડા ગયા. રાત્રે સ્મશાનમાં સાધના અને દિવસભર પ્રભુપ્રીત્યર્થે હરિજન સેવા.

**૧૯૨૪ :** 'તુજ ચરણે' ની પ્રથમ આવૃત્તિનું પ્રકાશન.

**૧૯૨૬ :** લગ્ન-હસ્તમેળાપ વખતે સમાધિનો અનુભવ.

**૧૯૨૭:** સાકુરીના પૂ. શ્રીઉપાસની બાબાનું નડિયાદમાં આગમન, એમના આદેશ મુજબ સાકુરી જવું-ત્યાં મળમૂત્રની પથારીમાં સાત દિવસ.

**૧૯૨૮ :** હરિજન આશ્રમ, બોદાલમાં સર્પદંશ-પરિણામે 'હરિઃૐ' જપ અખંડ થયો.

**૧૯૨૮ :** પહેલી હિમાલય યાત્રા.

**૧૯૩૦ :** મનની નીરવતાનો સાક્ષાત્કાર.

**૧૯૩૦ થી '૩૨** દરમિયાન સાબરમતી, વીસાપુર, નાસિક અને યરવડા જેલમાં. હેતુ-દેશસેવાનો નહિ, સાધનાનો. સખત પરિશ્રમ અને લાઠીમાર દરમિયાન પ્રભુસ્મરણ-મૌન. વિદ્યાર્થીઓને સમજાવવા વીસાપુર જેલમાં સરળ ભાષામાં શ્રીમદ્ ભગવદ્ગીતાનું વિવરણ લખ્યું-'જીવનગીતા'

**૧૯૩૪ :** સગુણ બ્રહ્મનો સાક્ષાત્કાર.

**૧૯૩૪થી ૧૯૩૯** દરમિયાન હિમાલયમાં અઘોરી બાવા પાસે જવાનું બન્યું, ધુંવાધારના ધોધની પાછળની ગુફામાં સાધના. ચૈત્ર માસમાં છાણાંની ૬૩ ધૂણી ધખાવી નર્મદાકિનારે ખુલ્લામાં શિલા ઉપર નગ્ન બેસીને ૨૮ દિવસની સાધના, શીરડીના સાંઈબાબાનું પ્રત્યક્ષ દર્શન-આદેશ-સાધનાના અંતિમ તબક્કાનું માર્ગદર્શન.

**૧૯૩૯ :** તા. ૨૯-૩-૧૯૩૯ : રામનવમી, સંવત : ૧૯૯૫ કાશીમાં નિર્ગુણ બ્રહ્મનો સાક્ષાત્કાર. હરિજન સેવક સંઘમાંથી રાજીનામું. 'મનને'ની પ્રથમ આવૃત્તિનું પ્રકાશન.

**૧૯૪૦ :** (તા. ૯-૯-૧૯૪૦) વિમાનમાર્ગે અમદાવાદથી કરાંચી જવાનો ગૂઢ હુકમ.

**૧૯૪૧ :** માતાનું અવસાન.

**૧૯૪૨ :** હરિજન સેવક સંઘમાંથી છૂટા થયેલા, છતાં હરિજન કન્યાછાત્રાલય માટે મુંબઈમાં ફાળો ઉઘરાવ્યો. બે વખત સખત પોલીસમાર-દેહાતીત અવસ્થાના પુરાવા.

**૧૯૪૩ :** ૨૪, ફેબ્રુઆરીમાં ગાંધીજીના પેશાબના ઝેરી જંતુઓનું પોતાના પેશાબમાં દર્શન. નૈમિત્તિક તાદાત્મ્યનો અનુભવ.

**૧૯૪૫ :** હિમાલયની યાત્રા-અદ્ભુત અનુભવો.

**૧૯૪૬ :** હરિજન આશ્રમ, અમદાવાદ મીરાંકુટિરમાં મૌનએકાંતનો આરંભ.

**૧૯૫૦ :** દક્ષિણ ભારતના કુંભકોણમ્‌માં કાવેરી નદીને કિનારે હરિઃૐ આશ્રમની સ્થાપના.

**૧૯૫૪** થી સુરતના કુરુક્ષેત્રમાં એક ઓરડીમાં મૌનએકાંતનો આરંભ.

**૧૯૫૫ :** (તા. ૨૮-૫-૧૯૫૫) નડિયાદ, શેઢી નદીને કિનારે હરિઃૐ આશ્રમની સ્થાપના.

**૧૯૫૬ :** (તા. ૨૩-૪-૧૯૫૬) સુરત, કુરુક્ષેત્રમાં હરિઃૐ આશ્રમની સ્થાપના.

**૧૯૬૨થી ૧૯૭૫ :** શરીરના અનેક રોગો-સતત પ્રવાસ સાથે ૩૬ અધ્યાત્મ-અનુભવ ગ્રંથોનું લેખન-પ્રકાશન.

**૧૯૭૬ :** ફાજલપુર-મહીનદીના કિનારે શ્રી રમણભાઈ અમીનના ફાર્મ હાઉસમાં તા. ૨૩-૭-૧૯૭૬ના રોજ માત્ર છ જણની હાજરીમાં આનંદપૂર્વક દેહત્યાગ. પોતાનું 'ઈંટ-ચૂનાનું સ્મારક ન કરવાનો આદેશ' અને આ નિમિત્તે મળેલી રકમનો ઉપયોગ દૂર ગુજરાતનાં પછાત ગામોમાં પ્રાથમિક શાળાના ઓરડાઓ બંધાવવાના લોકફાળામાં કરવાની સૂચના.

॥ હરિઃૐ ॥

॥ હરિઃૐ ॥

# આરતી

ૐ શરણચરણ લેજો, પ્રભુ શરણચરણ લેજો,
પતિત ઉગારી લેજો (૨) કર ગ્રહી ઉર લેજો. ...ૐ શરણ.

મનવાણીના ભાવો, કર્મ વિશે ઊતરો, પ્રભુ (૨)
મન, વાણી ને દિલને (૨) કૃપાથી એક કરો. ...ૐ શરણ.

સર્વ મળેલાં સાથે, દિલ સદ્‌ભાવ ઊગો, પ્રભુ (૨)
છો અપમાન થયાં હો (૨) ત્યાંયે ભાવ બઢો. ...ૐ શરણ.

નિમ્ન પ્રકારની વૃત્તિ, ઊર્ધ્વગમન કરવા, પ્રભુ (૨)
પ્રભુકૃપાથી મથાજો (૨) ચરણશરણ ગ્રહવા. ...ૐ શરણ.

મનના સકળ વિચારો, પ્રાણતણી વૃત્તિ, પ્રભુ (૨)
બુદ્ધિતણી સૌ શંકા (૨) ચરણકમળ ગળજો. ...ૐ શરણ.

જેવા દિલ હોઈએ પ્રભુ, તેવા દેખાવા, પ્રભુ (૨)
મતિ મુજ ખુલ્લી રે'જો (૨) સ્પષ્ટ જ પરખાવા. ...ૐ શરણ.

દિલમાં કંઈક ભર્યું હો, તે થકી બીજું ઊલટું, પ્રભુ (૨)
કદી પણ મુજથી ન બનજો (૨) એવી મતિ દેજો. ...ૐ શરણ.

જ્યાં જ્યાં ગુણ ને ભાવ, દિલ ત્યાં મુજ ઠરજો, પ્રભુ (૨)
ગુણ ને ભાવની ભક્તિ (૨) દિલ મુજ સંચરજો. ...ૐ શરણ.

મન,મતિ,પ્રાણ પ્રભુ ! તુજ ભાવ થકી ગળજો, પ્રભુ (૨)
દિલમાં તુજ ભક્તિની (૨) છોળો ઊછળજો. ...ૐ શરણ.

**-શ્રીમોટા**

## આશ્રમમાં ઉપલબ્ધ પુસ્તકોની યાદી

| નંબર | પુસ્તકોના વિભાગ | ટોટલ પુસ્તકો |
|---|---|---|
| ૧. | ગદ્ય પુસ્તકો | ૧૪ |
| ૨. | પદ્ય પુસ્તકો | ૫૧ |
| ૩. | શ્રીમોટા ટેપવાણી | ૧૨ |
| ૪. | પ્રવચન વાણી | ૭ |
| ૫. | સ્વજનોને પત્રો આધારિત પુસ્તકો | ૯ |
| ૬. | સ્વજનોની અનુભવકથા તથા સ્મૃતિગ્રંથ | ૮ |
| ૭. | સંકલિત પુસ્તકો | ૨૨ |
| ૮. | જીવનકવન | ૧૧ |
| ૯. | અન્ય પુસ્તકો | ૧૪ |
| ૧૦. | હિંદી પુસ્તકો | ૧૫ |
| ૧૧. | અંગ્રેજી પુસ્તકો | ૨૨ |
| ૧૨. | કેલેન્ડર (દીવાલ અને ટેબલ) | ૧ |

### પૂજ્ય શ્રીમોટા વિરચિત ગદ્ય પુસ્તકો

| નં. | પુસ્તક | પ્ર.આ. |
|---|---|---|
| ૧. | જીવનસંગ્રામ | ૧૯૪૬ |
| ૨. | જીવનસંદેશ | ૧૯૪૮ |
| ૩. | જીવનપાથેય | ૧૯૪૯ |
| ૪. | જીવનપ્રેરણા | ૧૯૫૦ |
| ૫. | જીવનપગરણ | ૧૯૫૧ |
| ૬. | જીવનપગથી | ૧૯૫૧ |
| ૭. | જીવનમંડાણ | ૧૯૫૨ |
| ૮. | જીવનસોપાન | ૧૯૫૨ |
| ૯. | જીવનપ્રવેશ | ૧૯૫૩ |
| ૧૦. | જીવનપોકાર | ૧૯૫૪ |
| ૧૧. | હરિજન સંતો | ૧૯૫૪ |
| ૧૨. | જીવનમંથન | ૧૯૫૬ |
| ૧૩. | જીવનસંશોધન | ૧૯૫૭ |
| ૧૪. | જીવનદર્શન | ૧૯૫૯ |

### પૂજ્ય શ્રીમોટા વિરચિત પદ્ય પુસ્તકો

| નં. | પુસ્તક | પ્ર.આ. |
|---|---|---|
| ૧. | મનને | ૧૯૨૨ |
| ૨. | તુજ ચરણે | ૧૯૨૩ |
| ૩. | નર્મદાપદે | ૧૯૨૭ |
| ૪. | જીવનગીતા (નાની) | ૧૯૩૨ |
| ૫. | હૃદયપોકાર | ૧૯૪૪ |
| ૬. | જીવનપગલે | ૧૯૪૪ |
| ૭. | શ્રીગંગાચરણે | ૧૯૪૫ |
| ૮. | કેશવ ચરણ કમળે | ૧૯૪૬ |
| ૯. | કર્મગાથા | ૧૯૪૬ |
| ૧૦. | પ્રણામ પ્રલાપ | ૧૯૪૭ |
| ૧૧. | પુનિત પ્રેમગાથા | ૧૯૪૭ |
| ૧૨. | જીવનગીતા (મોટી) | ૧૯૫૩ |

| | | |
|---|---|---|
| ૧૩. | આર્તપોકાર | ૧૯૫૪ |
| ૧૪. | અભ્યાસીને | ૧૯૬૭ |
| ૧૫. | જિજ્ઞાસા | ૧૯૭૦ |
| ૧૬. | ભાવ | ૧૯૭૧ |
| ૧૭. | જીવનઝલક | ૧૯૭૧ |
| ૧૮. | જીવનસૌરભ | ૧૯૭૧ |
| ૧૯. | જીવનઅનુભવગીત | ૧૯૭૧ |
| ૨૦. | જીવનસ્મરણ | ૧૯૭૧ |
| ૨૧. | શ્રદ્ધા | ૧૯૭૧ |
| ૨૨. | જીવનલહરી | ૧૯૭૧ |
| ૨૩. | જીવનતપ | ૧૯૭૨ |
| ૨૪. | જીવનરસાયણ | ૧૯૭૨ |
| ૨૫. | જીવનઆહ્લાદ | ૧૯૭૨ |
| ૨૬. | રાગદ્વેષ | ૧૯૭૨ |
| ૨૭. | નિમિત્ત | ૧૯૭૨ |
| ૨૮. | ગુણવિમર્શ | ૧૯૭૨ |
| ૨૯. | જીવનસ્પંદન | ૧૯૭૩ |
| ૩૦. | જીવનરંગત | ૧૯૭૩ |
| ૩૧. | જીવનકથની | ૧૯૭૩ |
| ૩૨. | જીવનસ્મરણસાધના | ૧૯૭૩ |
| ૩૩. | જીવનમથામણ | ૧૯૭૩ |
| ૩૪. | પ્રેમ | ૧૯૭૩ |
| ૩૫. | મોહ | ૧૯૭૩ |
| ૩૬. | કૃપા | ૧૯૭૩ |
| ૩૭. | સ્વાર્થ | ૧૯૭૩ |
| ૩૮. | શ્રીસદ્ગુરુ | ૧૯૭૩ |
| ૩૯. | કર્મઉપાસના | ૧૯૭૩ |
| ૪૦. | જીવનચણતર | ૧૯૭૪ |
| ૪૧. | જીવનઘડતર | ૧૯૭૪ |
| ૪૨. | જીવનપગદંડી | ૧૯૭૪ |
| ૪૩. | જીવનકેડી | ૧૯૭૪ |
| ૪૪. | ભાવકણિકા | ૧૯૭૪ |
| ૪૫. | ભાવરેણુ | ૧૯૭૪ |
| ૪૬. | ભાવજ્યોતિ | ૧૯૭૪ |
| ૪૭. | ભાવપુષ્પ | ૧૯૭૪ |
| ૪૮. | ભાવહર્ષા | ૧૯૭૫ |
| ૪૯. | જીવનપ્રભાત | ૧૯૭૫ |
| ૫૦. | જીવનપ્રવાહ | ૧૯૭૫ |
| ૫૧. | મૌનાર્થીને માર્ગદર્શન | ૨૦૦૩ |

●

## પૂજ્ય શ્રીમોટા ટેપવાણી

| **નં.** | **પુસ્તક** | **પ્ર.આ.** |
|---|---|---|
| ૧. | શેષ-વિશેષ | ૧૯૮૯ |
| ૨. | જન્મ-પુનર્જન્મ | ૧૯૮૯ |
| ૩. | તદ્રૂપ-સર્વરૂપ | ૧૯૯૦ |
| ૪. | એકીકરણ-સમીકરણ | ૧૯૯૦ |
| ૫. | જીવતા નર સેવીએ | ૧૯૯૧ |
| ૬. | અગ્રતા-એકાગ્રતા | ૧૯૯૧ |
| ૭. | જોડા-જોડ | ૧૯૯૨ |
| ૮. | અન્વય-સમન્વય | ૧૯૯૨ |
| ૯. | શ્રીમોટાવાણી ૧ થી ૧૪ (૭ પુસ્તકો) | ૧૯૯૨ થી ૧૯૯૫ |
| ૧૦. | ગ્રહ-ગ્રહણ | ૧૯૯૩ |
| ૧૧. | દક્ષિણ ભારતનાં સ્વજનોને સંબોધન | ૨૦૦૬ |
| ૧૨. | શ્રી ઝીણાકાકા સાથે વાર્તાલાપ | ૨૦૧૫ |

●

## પૂજ્ય શ્રીમોટાનાં પ્રવચનનાં પુસ્તકો

| નં. | પુસ્તક | પ્ર.આ. |
|---|---|---|
| ૧. | શ્રીમોટા સાથે વાર્તાલાપ | ૧૯૭૯ |
| ૨. | મૌનએકાંતની કેડીએ | ૧૯૮૨ |
| ૩. | મૌનમંદિરનું હરિદ્વાર | ૧૯૮૩ |
| ૪. | મૌનમંદિરનો મર્મ | ૧૯૮૪ |
| ૫. | મૌનમંદિરમાં પ્રભુ | ૧૯૮૫ |
| ૬. | મૌનમંદિરમાં પ્રાણપ્રતિષ્ઠા | ૧૯૮૫ |
| ૭. | મૌનમંદિરમાં હરિસ્મરણ | ૨૦૧૫ |

•

## પૂજ્ય શ્રીમોટાનાં સ્વજનોને પત્રો આધારિત પુસ્તકો

| નં. | પુસ્તક | પ્ર.આ. |
|---|---|---|
| ૧. | મુક્તાત્માનો પ્રેમસ્પર્શ | ૧૯૮૦ |
| ૨. | દાંપત્ય ભાવના | ૧૯૮૦ |
| ૩. | સંતહૃદય | ૧૯૮૩ |
| ૪. | ધનનો યોગ | ૧૯૮૪ |
| ૫. | પગલે પગલે પ્રકાશ | ૧૯૮૯ |
| ૬. | સમય સાથે સમાધાન | ૧૯૯૩ |
| ૭. | શ્રીમોટા પત્રાવલિ ૧/૨ | ૧૯૯૫ |
| ૮. | કેન્સરની સામે | ૨૦૦૨ |
| ૯. | હસતું મૌન | ૨૦૦૪ |

•

## સ્વજનોની અનુભવકથા

| નં. | પુસ્તક | પ્ર.આ. |
|---|---|---|
| ૧. | આશ્રમની અટારીએથી | ૧૯૮૧ |
| ૨. | શ્રીમોટાની સાથે સાથે | ૧૯૯૦ |
| ૩. | શ્રીમોટા સાથે હિમાલયયાત્રા | ૧૯૯૪ |
| ૪. | શ્રીમોટાની મહત્તા | ૧૯૯૫ |
| ૫. | મળાયું પણ ભળાયું નહિ | ૧૯૯૫ |
| ૬. | મળ્યા ફળ્યાની કેડી | ૨૦૦૧ |
| ૭. | મોટા - મારી મા | ૨૦૦૩ |

•

## સ્મૃતિગ્રંથ

| નં. | પુસ્તક | પ્ર.આ. |
|---|---|---|
| ૧. | જીવનસ્ફુલિંગ | ૧૯૭૩ |

•

## સંકલિત પુસ્તકો

| નં. | પુસ્તક | પ્ર.આ. |
|---|---|---|
| ૧. | જીવનપરાગ | ૧૯૬૩ |
| ૨. | સંતવાણીનું સ્વાગત (તમામ પુસ્તકોની પ્રસ્તાવનાનું સ્વતંત્ર પુસ્તક) | ૧૯૭૭ |
| ૩. | અંતિમ ઝાંખી | ૧૯૭૮ |
| ૪. | વિધિ-વિધાન | ૧૯૮૨ |
| ૫. | સુખનો માર્ગ | ૧૯૮૩ |
| ૬. | પ્રાર્થના | ૧૯૮૪ |
| ૭. | લગ્ને હજો મંગલમ્ | ૧૯૮૫ |
| ૮. | નિરંતર વિકાસ | ૧૯૮૭ |
| ૯. | સમર્પણગંગા | ૧૯૮૯ |
| ૧૦. | જન્મમૃત્યુના રાસ | ૧૯૮૯ |
| ૧૧. | નામસ્મરણ | ૧૯૯૨ |
| ૧૨. | શ્રીમોટા અને શિક્ષણ | ૧૯૯૪ |
| ૧૩. | ફનાગીરીનો નિર્ધાર | ૧૯૯૬ |
| ૧૪. | પૂજ્ય શ્રીમોટા વચનામૃત ૧ થી ૪ (૧ પુસ્તક) | ૧૯૯૬ |
| ૧૫. | પ્રસન્નતા | ૧૯૯૭ |
| ૧૬. | ભગતમાં ભગવાન | ૨૦૦૦ |

| | | |
|---|---|---|
| ૧૭. | દુર્લભ દેહ મનુષ્યનો | ૨૦૦૭ |
| ૧૮. | દૈવાસુર સંગ્રામ | ૨૦૦૭ |
| ૧૯. | પ્રસાદી (ગુજરાતી) | ૨૦૦૮ |
| ૨૦. | પૂજ્ય શ્રીમોટાના બે બોલ (તમામ પુસ્તકોમાંથી લેખકના બે બોલનું સ્વતંત્ર પુસ્તક) | ૨૦૧૪ |
| ૨૧. | જીવનયોગ ભાગ ૧ અને ૨ | ૨૦૧૬ |
| ૨૨. | બુદ્ધિ | ૨૦૧૭ |

•

## જીવનકવન

| નં. | પુસ્તક | પ્ર.આ. |
|---|---|---|
| ૧. | જીવન અને કાર્ય ભાગ-૧,૨ | ૧૯૭૫ |
| ૨. | પારસલીલા | ૧૯૭૫ |
| ૩. | તરણામાંથી મેરુ | ૧૯૭૬ |
| ૪. | વિદ્યાર્થી મોટાનો પુરુષાર્થ | ૧૯૮૯ |
| ૫. | મહામના અબ્રાહમ લિંકન | ૧૯૯૩ |
| ૬. | પ્રેરક વિભૂતિ મહાત્મા ગાંધી | ૧૯૯૪ |
| ૭. | શ્રીકેશવાનંદજી ધૂણીવાળા દાદા | ૧૯૯૬ |
| ૮. | ગોધરાના બાપજીનું જીવનચરિત્ર | ૧૯૯૮ |
| ૯. | મારી સાધનાકથા | ૨૦૦૫ |
| ૧૦. | પૂજ્ય શ્રીમોટાના વહાલા ઝીણાભાઈ | ૨૦૦૫ |
| ૧૧. | જીવન સાર્થકતાની કેડીએ પૂજ્ય શ્રીમોટાના વહાલા 'ભાઈ' શ્રી નંદુભાઈની સંક્ષિપ્ત જીવનવિકાસગાથા ભાગ-૧ અને ૨ | ૨૦૨૦ |

•

## અન્ય પુસ્તકો

| નં. | પુસ્તક | પ્ર.આ. |
|---|---|---|
| ૧. | શ્રીમોટાચરણે | ૧૯૭૦ |
| ૨. | બાળકોના મોટા | ૧૯૮૦ |
| ૩. | શ્રીમોટા ચિત્રકથા | ૧૯૮૭ |
| ૪. | આહુતિ મંત્ર અને આરતી | ૧૯૯૫ |
| ૫. | હરિઃૐ આશ્રમ શ્રીભગવાનના અનુભવ કાજેનું સ્થળ | ૧૯૯૬ |
| ૬. | કૃપાયાચના શતકમ્ | ૧૯૯૬ |
| ૭. | ધ્યેય અને ધ્યાન | ૨૦૦૦ |
| ૮. | ચિદાકાશ | ૨૦૦૦ |
| ૯. | પ્રાર્થના પોથી | ૨૦૧૦ |
| ૧૦. | શ્રીમોટા ઉપલબ્ધિ અને ઉપદેશ | ૨૦૧૪ |
| ૧૧. | શ્રીમોટા ચરણે આંતર પ્રવેશ | ૨૦૧૬ |
| ૧૨. | શ્રીમોટા ચરણે ત્રિભાષી (ગુ. હિં. અં.) | ૨૦૧૮ |
| ૧૩. | બધું આપણામાં જ છે | ૨૦૧૮ |
| ૧૪. | સમર્થ સદ્‌ગુરુ પૂજ્ય શ્રીમોટા | ૨૦૧૮ |

•

# हरि:ॐ आश्रम में उपलब्ध हिंदी पुस्तिका का लिस्ट

| क्रम | पुस्तक | प्र.आ. |
|---|---|---|
| १. | पूज्य श्रीमोटा एक संत | १९९७ |
| २. | कैंसर का प्रतिकार | २००८ |
| ३. | सुख का मार्ग | २००८ |
| ४. | दुर्लभ मानवदेह | २००९ |
| ५. | प्रसादी | २००९ |
| ६. | नामस्मरण | २०१० |
| ७. | हरि:ॐ आश्रम – श्रीभगवान के अनुभव का स्थान | २०१० |
| ८. | श्रीमोटा के साथ वार्तालाप | २०१२ |
| ९. | विवाह हो मंगलम् | २०१२ |
| १०. | बालकों के मोटा | २०१२ |
| ११. | विद्यार्थी मोटा का पुरुषार्थ | २०१२ |
| १२. | मौनमंदिर का मर्म | २०१३ |
| १३. | मौनमंदिर का हरिद्वार | २०१३ |
| १४. | मौनएकांत की पगडंडी पर | २०१३ |
| १५. | मौनमंदिर में प्रभु | २०१४ |

●

## હરિઃૐ આશ્રમમાં ઉપલબ્ધ અંગ્રેજી પુસ્તકોની યાદી. જાન્યુઆરી - ૨૦૨૦

**English book available at Hariom Ashram Surat.**
**January - 2020**

| No. | Book | F. E. |
|---|---|---|
| 1. | At thy Lotus feet (Tuj Charane) | 1948 |
| 2. | To the mind (Man ne) | 1950 |
| 3. | Life's Struggle (Jeevan Sangram) | 1955 |
| 4. | The Fragrance of a saint (Paraslila) | 1982 |
| 5. | Vision of life - Eternal | 1990 |
| 6. | Bhava | 1991 |
| 7. | Nimitta | 2005 |
| 8. | Self-interest (Swarth) | 2005 |
| 9. | Inquisitiveness (Jignasa) | 2006 |
| 10. | Shri Mota | 2007 |
| 11. | Rites and Rituals (Vidhi-Vidhan) | 2007 |
| 12. | Naamsmaran | 2008 |
| 13. | Mota for children (Balako na Mota) | 2008 |
| 14. | Against cancer (Cancer ni Same) | 2008 |
| 15. | Faith (Shraddha) | 2010 |
| 16. | Shri Sadguru | 2010 |
| 17. | Human to Divine (Bhagat ma Bhagwan) | 2010 |
| 18. | Prasadi | 2011 |
| 19. | Grace (Krupa) | 2012 |
| 20. | I bow at thy feet (Tuj charane) | 2013 |
| 21. | Attachment and Aversion (Raag dhwesh) | 2015 |
| 22. | The Undending Odyssey - My Experience of Sadguru Sri Mota's Grace | 2019 |


●

॥ હરિઃૐ ॥

॥ હરિ:ૐ ॥

# નોંધ

॥હરિઃૐ॥



શ્રી ઈંદ્રવદન શેરદલાલના સુપુત્ર ચિ. હરિ, શ્રીમોટાના ખોળામાં

## શ્રીમોટા કહેતા...

'ભઈલા ! તું ન્યાય, નીતિ, ધર્મ, પ્રમાણિકતા, સચ્ચાઈ અને વફાદારીથી કામ કરતો રહીશ, ત્યાં સુધી હું તારી મદદમાં રહીશ. તું મદદ માગીશ એટલી મારી મદદ મળ્યાનો તને અનુભવ થશે.'

• • • • • •

'સારાં કામ કરવાં માટે પરમાત્માએ માનવદેહ આપ્યો છે. માનવદેહને લાંછન લાગે તેવું એક પણ કામ ના થાય તેની સતત કાળજી રાખવી અને તે પ્રમાણે કામ કરતાં રહેવું તેને પુણ્ય ગણી શકાય. હકીકતે પુણ્ય જેવું ગણવું જોઈએ નહિ, કારણ કે સારાં કામ કરવાં માટે જ પરમાત્માએ માનવદેહ આપ્યો છે, એટલે સારાં કામ કરવાં એ આપણી ફરજ ગણવી જોઈએ.'

• • • • • •

'જેઓ મારી ઉપર શ્રદ્ધા અને વિશ્વાસ રાખી મારી મદદ માગશે તેમની મદદમાં હું કાયમના માટે રહીશ.'

• • • • • •

'શ્રીમોટાનો સાચો આંતરિક સંબંધ સ્થાપવા માટે એમનાં પુસ્તકોનું નિત્ય, ચોક્કસ સમય માટે ભક્તિપૂર્વક વાંચન, મનન અને અનુસરણ કરો. વાંચનથી ભક્તિ જરૂર વધે.'

- શ્રીમોટા

'હસતું મૌન', પ્ર. આ., પૃ. ૨૨,૫૩,૭૭,૨૩૭

કિંમત : રૂ.૧૦/-